॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦**/–
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ નષ્ટ શરીર થાય છે, આત્મા નહિ ॥

ઈસુનું અપમાન કરીને, લોકો તેને કહી રહ્યા હતા; 'તું ઈશ્વરનો પુત્ર હોય તો તારી જાતને જ બચાવને ! શૂળી ઉપરથી હેઠો ઊતરી જા.' ત્યારે ઈસુના અંતરના ઊંડાણમાંથી સ્વરો પ્રગટ્યા; 'હે પિતા ! આ લોકોને માફ કર. પોતે શું કરે છે એનું એમને ભાન નથી.' આવી ઉદાત્ત, હૃદયદ્રાવક પ્રાર્થના કોઈ માનવદેહધારીએ કદી કરી નથી. 'તમારા શત્રુઓ ઉપર પ્રેમ કરજો' ઉપદેશ આચરી બતાવનાર ઈસુનો છેલ્લો ઉદ્‌ગાર હતો; 'હે ભગવાન ! મારા ભગવાન ! તમે મને કેમ છોડી દીધો ?' એકસાથે દર્શનનો પરમાનંદ અને વિરહની તીવ્ર વેદના ! જેણે અનેકના જખમ મટાડ્યા એ માણસો ઈસુના પવિત્ર શરીરને અસંખ્ય જખમોથી ભરી દે છે. છેક છેલ્લે એ મોટેથી પોકારે છે : 'હે પિતા ! મારા પ્રાણ હું તારા હાથમાં સોંપું છું.' અને પ્રાણ ઈસુએ છોડ્યા, પણ છોડતાં પહેલાં શ્રદ્ધાપૂર્વક નિવેદન કર્યું : 'મેં જે કંઈ કર્યું એ તારી પવિત્ર ઈચ્છા પ્રમાણે કર્યું. તારી ઈચ્છા હતી કે મારે તબેલામાં જન્મવું, મારે સુથારને ત્યાં કામ કરવું. ત્રણ વરસ તારા જ્ઞાનનો પ્રચાર કરવો ને આયુષ્યના અંતિમ દિવસે ભયંકરમાં ભયંકર કષ્ટ સહન કરવું.' ઈસુ મનુષ્ય પ્રત્યેના ઈશ્વરના પ્રેમની મહત્તા ઠસાવવા બલિદાન આપે છે. 'જોને મારા પ્રેમની ખાતર તેં તારા પ્રાણ પાથરી દીધા ! એમ ઈસુને કહેનાર ઈશ્વરને જગત પર એટલો પ્રેમ હતો કે પોતાના ઈસુનું પણ શરીર નષ્ટ કર્યું. એકનો એક પુત્ર અર્પણ કર્યો. આત્મા અમર રહ્યો.' જે કહેતો રહ્યો : 'હું તો ચાહું છું ને ચાહવાનો તને અને તારો રહેવાનો.' કારણ ઈસુ પ્રેમાવતાર છે.

**–રમણલાલ સોની**

**(ભગવાન ઈસુ)**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## તા.૧૮ માર્ચ ૧૯૮૪

## (મહાત્મા શ્રીયોગેશ્વરજીનો લીલાસંવરણદિન)

'સાચી મનુષ્યચેતના સતત વિકસતી રહે છે. પ્રત્યેક સવારે સૂર્ય એ જગ્યાએ નથી હોતો જ્યાં એ સાંજે હોય છે. દરેક સાંજે એ ત્યાં નથી હોતો જ્યાં સવારે હોય છે. એ હલચલ છે, ક્રાંતિ છે. એ આગળ ને આગળ ધપે છે. કદી પાછો ફરીને જોતો નથી. એ જૂના-પુરાતન કોઈના ચાલેલા પથ પર નથી ચાલતો, એ પોતાનો નવો રસ્તો ખોળી લે છે.'

**—ધમ્મપદ**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૭ |
| ૨. ભાગવતનો ભાવાર્થ | શ્રી યોગેશ્વરજી | ૮ |
| ૩. ગીતા : ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય | શ્રી યોગેશ્વરજી | ૧૪ |
| ૪. પૂર્ણ પુરૂષ બીજાને મદદરૂપ છે | શ્રી યોગેશ્વરજી | ૧૭ |
| ૫. રામચરિતમાનસ : એક દર્શન | શ્રી અનંતરાય રાવળ | ૨૧ |
| ૬. સંત સાહિત્યકાર શ્રી યોગેશ્વરજી | 'વિભૂતિ' | ૩૧ |
| ૭. શરીરની ક્ષુદ્રતા-આત્માની અમરતા | શ્રી યોગેશ્વરજી | ૩૫ |
| ૮. જીવ અને શિવ : બે પક્ષીની સાથે સરખામણી | " | ૩૯ |
| ૯. યોગ એટલે ચિત્તવૃત્તિનિરોધ | " | ૪૩ |
| ૧૦. ભીષ્મની અગ્નિપરીક્ષા | " | ૪૮ |
| ૧૧. સમુદ્રમંથન | " | ૫૪ |
| ૧૨. શ્રી નારાયણ : એક જીવંત પાઠશાળા | શ્રી અજય જાની | ૫૭ |
| ૧૩. સૂફી કથા | | ૬૨ |
| ૧૪. ગુરુપ્રીતિની શાશ્વતી | 'મા' સર્વેશ્વરી | ૬૪ |


**॥ સંદર્ભસામગ્રી ॥**

**શ્રી યોગેશ્વરજીરચિત સદ્‌ગ્રંથો**

શ્રીમદ્ ભાગવત, ગીતાદર્શન, યોગદર્શન,
મહાભારતનાં મોતી, રામચરિતમાનસ, ઉપનિષદ્‌નું અમૃત.

## નિવેદન : 'આત્મદીપ' સદા ઝળહળ

આત્માને ગુંગળાવનાર અહંકારની સામે, મનની સંકુચિતતા સામે, શારીરિક કામનાઓ સામે જેહાદ જગાવનાર યોગીઓ જ જગતના સૌથી મોટા ક્રાંતિકારીઓ છે. આ અર્થમાં શ્રી યોગેશ્વરજી 'greatest of great' છે.

શરીર આપણી માલિકી નથી, એ વિશ્વાત્માનું અવતરણ છે. આ સત્યદર્શન જીવી બતાવનાર શ્રી યોગેશ્વરજી ખુમારીથી કહી શકે છે : 'જૂના શરીરના પરમાણુઓમાં પરિવર્તન થઈને જાણે 'નવું સાધનામય શરીર' થયું હોય, તેની સાથે 'નવા મનનો' ઉદય થયો હોય તેવું લાગ્યા વિના રહેતું નથી. આ 'નવો જન્મ' કે 'મારા સર્વસ્વનો જાણે પુનરાવતાર' થતો હોય એવી અનેરી દશાનો અનુભવ આજે કરી રહ્યો છું. જીવનમાં સાચા માનવ બનીને, ઈશ્વરની કૃપા મેળવીને 'પરિપૂર્ણતાના શિખર' પર પ્રતિષ્ઠિત થવાના પ્રયાસો મેં કર્યા છે.'

આમ, પૂજ્યશ્રી યોગેશ્વરજીનો સંકલ્પ હતો સમજણને સોએ સો ટકા જીવવાનો. જગદંબા પ્રાપ્તિનો નહિ, સ્વયં જગદંબાસ્વરૂપ થઈ જવાનો નિર્ધાર હતો; જે અનવરત જપ-તપ-વ્રત-ઉપવાસ-સત્સંગ-સમાધિ વગેરેના ભગીરથ પુરુષાર્થથી સિદ્ધ થઈને જ રહ્યો. કહે છે : 'જે પરમાત્માને પોકારે છે તેમને પરમાત્માએ પહેલાં પોકાર્યા હોય છે.' બહુ થોડા લોકો તેઓશ્રીના જીવનના ઊંચાણને અનુભવે. બાકી જે ઊંચાઈઓ એમના થકી સ્પર્શી લેવાઈ છે તે કપોલકલ્પિત મનાશે. સો-બસો વર્ષ પછી બાળકો કહેશે : 'આ શ્રી યોગેશ્વરજી જેવા કોઈ મનુષ્ય થયા જ નહીં હોય. આ બધી વાર્તા છે.'



માણસ 'મનુષ્યની અદ્‌ભુત ક્ષમતાઓનો ઈન્કાર કરતો રહેશે જો એના કોઈ પ્રતીક કે પ્રતિનિધિ જોવા નહિ મળે તો. બાકી પથ્થરની મૂર્તિઓ ક્યાં સુધી બતાવશે કે રામ-કૃષ્ણ થયા હતા ! કાગળ પર લખાયેલા શબ્દો ક્યાં સુધી સમજાવશે કે બુદ્ધ-મહાવીર ઈસુ થયા હતા ? આજે આપણને એવા 'જીવતા-જાગતા માણસ'ની જરૂર છે. જો આપણે અંધકારને હટાવતા 'જ્યોતિર્મય સ્વરૂપો'ને ઓળખી કે સમજી શકીશું નહિ તો માનવજાત એક અંધકારપૂર્ણ યુગમાં પ્રવેશશે.'

જેમને પણ એમ લાગતું હોય કે, 'જીવન અવસર છે. દીવો બની શકાય છે. જ્યોતિ પ્રકટી શકે એમ છે.' તો એમને માટે શ્રી યોગેશ્વરજી જેવા મહાત્માઓ 'અકલ્પ્ય મથામણોનો-અદ્‌ભુત પરિશ્રમનો એક આખો ઈતિહાસ' સર્જીને ગયા છે. એટલું જ નહિ, 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય'રૂપે રહી; સદૈવ ઉત્તમોત્તમ માર્ગદર્શક તેમજ કરુણાળુ રાહબર બનીને આજે પણ પરમ પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીમાં 'સ્નેહસ્વરૂપ' તરીકે નિશદિન ઝળહળી જાણે કહી રહ્યા છે :

**'હું રાજવી ચરણનો, પ્રકાશના પંથે વિહર્યો છું**
**પગલાંની એક મોટી રિયાસત મૂકી ગયો છું.'**

**'અનુભૂતિના અદ્‌ભુત ભંડારો,**
**ઉઘાડવાને કર્યું પ્રયાણ.**
**સર્વેશ્વરીને સંદેશ ધર્યો**
**સાધનાપંથે કરો પ્રયાણ'**

**–'મા' સર્વેશ્વરી**

## ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૭૩**
**તા. ૨૯-૧-૮૩, શનિવાર, મહા વદ એકમ ૨૦૩૯**
**કેપટાઉનથી પોર્ટ ઈલીઝાબેથ**

સવારે ત્રણ વાગ્યે સ્નાન પછી વ્યાયામ. પછી મંત્રજપ ને લેખન. સાડા નવ પછી પૂ.શ્રી થોડો આરામ કરે છે.

આજે ભોજન બાદ અમે આ ઘરમાંથી વિદાય લીધી. યોગ સેન્ટરમાં જવાનું હતું. ત્યાં જઈને પૂ.શ્રીએ અર્ધો કલાક પ્રસંગોચિત 'ધ્યાનનો હેતુ' એ વિષે પ્રવચન કર્યું. અંગ્રેજ ભાઈબહેનો સમક્ષ પૂ.શ્રી અંગ્રેજીમાં બોલ્યા ત્યાંથી ઍરપોર્ટ ઉપર આવી ગયાં.

લગભગ એક કલાક વહેલાં આવી ગયાં. તેથી સામાન વગેરે સોંપીને અંદરની સીટ ઉપર બેઠાં.

અહીંથી સાઉથ આફ્રિકન ઍરવેઝમાં પોર્ટ ઈલીઝાબેથ જવાનું હતું. બપોરે સાડા ત્રણ વાગ્યે પ્લેન ઊપડ્યું. એકાદ કલાકમાં દરિયાકિનારે જ લગભગ પાંચસો માઈલ દૂર આવી ગયાં.

ઍરપોર્ટ ઉપર પાંચ-સાત ભાઈઓ અને એક બહેન અમને લેવા માટે આવ્યાં હતાં.

સામાન લઈને ઉતારા ઉપર આવી ગયાં. શહેર દરિયાકિનારે આવેલું છે. અમારો ઉતારો શ્રી રમણભાઈને ત્યાં હતો. તેઓ આર્યસમાજી છે. તેમનો પરિવાર ત્રણ પેઢીથી શુદ્ધ શાકાહારી છે. સાંજે શ્રી હિન્દુ સેવા સમાજના હૉલમાં પ્રવચન હતું. હૉલમાં શ્રીકૃષ્ણ, રામ, શંકરની નાનીનાની મૂર્તિઓ હતી.

પ્રવચનની શરૂઆતમાં પુષ્પહારથી સ્વાગત થયું. પ્રવચન બાદ સૌએ નમસ્કાર કરી વિદાય લીધી. અમે ઉતારા ઉપર આવી ગયાં.

**—'મા' સર્વેશ્વરી**



## ॥ 'ભાગવત'નો ભાવાર્થ ॥

ભાગવત એ વેદરૂપી સુંદર સુવિશાળ કલ્પવૃક્ષનું પરિપક્વ સુમધુર ફળ છે. શુકના મુખથી ફળ જેવી રીતે ચખાતાં વધારે સ્વાદિષ્ટ બને છે તેમ શુકદેવ સરખા મહાજ્ઞાની સંતશિરોમણિના શ્રીમુખના સંસર્ગથી એ અધિક અમૃતમય અને આસ્વાદ્ય બની ગયું છે. એ અમૃતરસથી ભરપુર છે. એ રસના ભંડાર જેવા ભાગવતના રસનું પાન પૃથ્વી પરના ભાવભક્તિવાળા જીવો વારંવાર કરો, રસિકો એના રસાસ્વાદનો લાભ લો, ને કૃતાર્થ બનો.

ભાગવતને વેદરૂપી વિશાળ કલ્પવૃક્ષનું સ્વાદિષ્ટ સુધામય ફળ કહ્યું છે એ શું બતાવે છે ? સૌથી પહેલાં તો એ વર્ણનમાં વેદ પ્રત્યેનો આદરભાવ ને વેદના મંગલમય મહિમાનો સ્વીકાર જોવા મળે છે. વેદને સૌથી પહેલાં મનોમન પરમપૂજ્યભાવે પ્રણામ કરવામાં આવે છે ને બીજી મહત્ત્વની હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ. એ મહત્ત્વની હકીકત કયી છે ? વૃક્ષમાં રસ તો હોય છે જ પરંતુ એ રસ ફળમાં પૂરેપૂરો પ્રકટ થાય છે : વૃક્ષની શાખાઓમાં ને વૃક્ષનાં પાંદડાંમાં પ્રકટ નથી થતો. ફળમાં વૃક્ષના હૃદયનો, રસનો, જીવનનો અને આત્માનો આવિર્ભાવ થાય છે. એવી રીતે ભાગવતમાં વેદના અપ્રકટ રસનો પ્રકટ રીતે અવતાર થયો છે. વેદમાં જે રસ સહેલાઈથી નથી દેખાતો તે રસનો આસ્વાદ ભાગવતમાં અનાયાસે કરી શકાય છે. ભાવગત તે રસનું મૂર્તિમંત સ્વરૂપ છે. એમાં રસ જ રસ છે. એનો આસ્વાદ લેનાર રસરૂપ બની જાય છે. એ શ્લોક પરથી

સહેલાઈથી સમજાશે કે ભાગવત વેદવિરોધી નથી ને વેદના જ સનાતન જીવનોપયોગી સંદેશને રસમય રીતે રજૂ કરનારો એક અદ્‌ભુત મંગલ મહામૂલ્યવાન મહાગ્રંથ છે.

**ભાગવતનો ભાવાર્થ**

ભાગવતમાં સમાયેલી શાશ્વત સામગ્રીનું સ્વરૂપ કેવું છે ? ભાગવતનો મહત્ત્વનો સારસંદેશ શો છે અને ભાગવત શબ્દનો ભાવાર્થ શો છે ? 'ભાગવત'નો અર્થ 'ભગવાનના' એવો કરીએ તો કહી શકાય કે ભાગવત માનવમાત્રને જીવનમાં શાશ્વત સુખ, શાંતિ, મુક્તિ તથા પૂર્ણતા મેળવવા ને જીવનને સાચા અર્થમાં સફળ અને રસમય કરવા માટે ઈશ્વરાભિમુખ થવાનો કે ભગવાનના બનવાનો સંદેશ આપે છે. એનો આધાર લઈને સૌએ ભગવાનના બનવા અથવા ઈશ્વરમય જીવન જીવવા માટે પ્રયત્ન કરવાનો છે. એ પ્રયત્ન જેટલા પ્રમાણમાં સફળ થશે તેટલા પ્રમાણમાં જીવન ઉજ્જવળ બની શકશે. એને માટે માનવે પરીક્ષિતની પેઠે વિચાર કરતાં, વિવેકી બનતાં, ને દુન્યવી પદાર્થો તથા રસો અને આકર્ષણોમાંથી ઉપર ઊઠતાં કે ઉપરામ બનતાં શીખવાનું છે. એ છે ભાગવતનો મહત્ત્વનો સારસંદેશ : 'પરીક્ષિતની પેઠે પરમાત્માભિમુખ બની, પરમાત્માના પરમપ્રેમને જગાવીને કાયમને કાજે નિર્ભય તથા કૃતાર્થ બની જવું.'

ભાગવતમાં સમાવાયેલી શાશ્વત સામગ્રીનું સ્વરૂપ કેવું છે અથવા ભાગવતમાં મોટે ભાગે શું છે એનો ખ્યાલ ભાગવત શબ્દ પરથી સારી રીતે ને સહેલાઈથી આવી શકે છે. ભાગવત શબ્દના અર્થ પ્રમાણે એમાં ભગવાન વિશેની ચર્ચાવિચારણાનો સમાવેશ થાય છે. ભગવાન એટલે શું, ભગવાનનું વાસ્તવિક



સ્વરૂપ કેવું છે, ભગવાનનો અનુગ્રહ કેવી રીતે અનુભવી શકાય છે, ભગવાનનો સાક્ષાત્કાર કોને ક્યારે ને કયી સાધનાથી થઈ શકે છે, એમના સાક્ષાત્કારથી કેવો લાભ થાય છે, તેની વિશદ અને વિસ્તૃત છણાવટ એમાં કરવામાં આવી છે.

ભગવાનના પૃથ્વીના પરિત્રાણને માટે જે જે મહત્ત્વના અવતારો થયા છે તેમનું વર્ણન તેમની દૈવી જાજવલ્યમાન જીવનલીલા સાથે શ્રીમદ્‌ભાગવતમાં ક્રમશઃ અને વિસ્તારથી જોવા મળે છે. એવી રીતે પણ એનું ભાગવત નામ સાર્થક છે. એ જીવનલીલાઓનું પઠન-પાઠન કે ગુણસંકીર્તન કરીને માનવ પરમાત્માભિમુખ બની, પરમાત્માના પ્રેમને જગાવી તથા વધારીને, પરમાત્માની સાથે સંબંધ બાંધીને જીવને પરમાત્માના અસાધારણ અનુગ્રહથી અલંકૃત કરી શકે છે.

એ ઉપરાંત ભાગવતમાં એક બીજી અગત્યની વસ્તુવિશેષનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. એ વસ્તુ પરમભાગવતોના જીવનને લગતી છે. જગતમાં જન્મીને જગતના પરિવર્તનશીલ સ્થૂળ પદાર્થોમાંથી પોતાના મનને પાછું વાળીને જેમણે ભગવાનના ચારુ ચરણોમાં પરોવી દીધું, ને જેમણે મન, વચન, કાયાથી ભગવાનના બનીને ભગવાનના સાક્ષાત્કારની સાધના કરીને જીવનની સર્વોત્તમ સંસિદ્ધિ મેળવી, એવા બડભાગી પ્રાતઃસ્મરણીય પરમભક્તો કે ભાગવતોના જીવનવૃત્તાંતનો સમાવેશ પણ આ મહાગ્રંથમાં કરવામાં આવ્યો છે. એ દૃષ્ટિએ જોતાં પણ એનું ભાગવત નામ સંપૂર્ણ સાર્થક લાગે છે. એ બધા નાના મોટા જીવનવૃત્તાંતો આજે પણ એટલા જ પ્રેરક, પથપ્રદર્શક અને પ્રકાશપ્રદાયક છે. એમની અંદર આત્માને

અનુપ્રાણિત કરવાની અને અલૌકિક બનાવવાની શક્તિ છે. એટલે ભાગવતમાં મુખ્યત્વે ચાર વિષયો પર પ્રકાશ પાથરવામાં આવ્યો છે :

(૧) ભગવાનના નિર્ગુણ નિરાકાર સ્વરૂપની સમ્યક્ સ્વાનુભવપૂર્ણ તલસ્પર્શી સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચારણા.

(૨) ભગવાનના સગુણ સાકાર સ્વરૂપનું અથવા એમના અવતારોનું વર્ણન.

(૩) ભગવાનના બનવા માગનારા કે બની ગયેલા ભક્તો અથવા પરમ ભાગવતોનાં રેખાચિત્રો.

(૪) માનવને નિર્ભય, નિર્મમ ને નિરહંકાર કરીને સ્વરૂપના સાક્ષાત્કાર દ્વારા ધન્ય બનાવનારી સાધના.

એ ઉપરાંત ભાગવતમાં બીજા નાના મોટા જે પેટા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે એમનો ઉલ્લેખ અહીં નથી કરતો. એમની વિચારણા ભાગવતના રસાસ્વાદના સમય દરમિયાન આવશ્યકતાનુસાર ક્રમેક્રમે થતી રહેશે.

ભાગવતના સંબંધમાં કોઈએ કહ્યું છે કે **વિદ્યાવતં ભાગવતે પરીક્ષા ।** શુરવીરના શૌર્યની પરીક્ષા જેમ સમરાંગણમાં થાય છે તેમ વિદ્વાનોની વિદ્વતાની પરીક્ષા ભાગવતમાં થઈ જાય છે. ભાગવત મહર્ષિ વ્યાસની સમાધિભાષાનો મહાગ્રંથ મનાય છે. એને સમજવામાં, સમજાવવામાં અને એમની અનેકવિધ કથાઓનું અર્થઘટન કરવામાં અથવા રહસ્ય ઉકેલવામાં મોટા મોટા પાંડિત્યપ્રવરો, સાક્ષરો અથવા વિદ્વાનોની પણ કસોટી થાય છે, પરંતુ એ બાબતમાં મારે કશી ચિંતા કરવાની જરૂર નથી.



કારણ કે હું કોઈ નાનો કે મોટો વિદ્વાન, સાક્ષર કે પંડિતપ્રવર નથી. હું તો પરમકૃપાળુ પરમાત્માનો એક સાધારણ શરણાગત અથવા પ્રેમી છું. મારા મનને, મારી બુદ્ધિને અને મારા જીવનની ગતિવિધિને તે જ ચલાવે છે. તે જ મારા જીવનના સર્વેશ્વર અને સૂત્રધાર છે. તેમની મહામંગલમયી ઇચ્છાથી જ હું આ મહાન ગ્રંથરત્નનું વિહંગાવલોકન કરવા તૈયાર થયો છું ને મારું કાર્ય એમનું પોતાનું હોઈ એમાં એ મને સફળમનોરથ કરશે જ. જે એમનો થાય છે અથવા એમના શ્રીચરણોમાં પોતાનું સર્વસમર્પણ કરે છે એનો સમગ્ર ભાર તે ઉપાડી લે છે. એને પછી કશી જ ચિંતા નથી રહેતી. તે જ મને દૃષ્ટિ આપશે, જ્યોતિ બક્ષશે, દિશાસૂચન કરશે, અને મને કેવળ નિમિત્ત બનાવીને પોતાનો ધારેલો અભિનય પૂરો કરશે. ભાગવતની વિચારણા કરવાનું કાર્ય કપરું છે તે જાણું છું, મહાસાગરને મથવાના, આકાશને આલિંગવાના ને મહીમંડળને માપવાના કાર્ય કરતાં પણ કઠિન છે. પરંતુ તે કાર્ય મારે ક્યાં કરવાનું છે ? એને કરનારી અથવા કરવા પ્રેરનારી શક્તિ તો જુદી જ છે. વાંસળીએ વાદકને પોતાનું સર્વસમર્પણ કરી દીધું પછી એને કશી ચિંતા ક્યાં છે ? એની અંદર શક્તિસંચાર કરીને એની અંદરથી સંગીતમય સુધાસભર સુરાવલિની સૃષ્ટિ કરવાનું કાર્ય તો એના વાદકનું છે. એ કાર્ય એ આપોઆપ કરી લે છે.

ભાગવત કેવળ બૌદ્ધિક પ્રતિભાસંપન્ન શાસ્ત્ર છે એવું મને નથી લાગતું. એની અંદર હૃદય ઠલવાયું છે અથવા હૃદયનો

રસરાસ રચાયો છે. એ ઉપરાંત એમાં અલૌકિક આત્માની આર્ષવાણીની અમોઘ અભિવ્યક્તિ થયેલી છે. એટલે ગમેતેવી અને ગમે તેટલી અસાધારણ બૌદ્ધિક પ્રતિભા હોય તો પણ કેવળ એને જ લઈને એની પાસે પહોંચવું અને એને સમજવા કે મૂલવવા પ્રવૃત્ત થવું બરાબર નથી. એની પાસે તો કેવળબુદ્ધિ નહીં પરંતુ અંતર અને આત્મા લઈને પહોંચવું જોઈએ, અને એથી પણ વિશેષ આવશ્યક રહસ્યમય હકીકત તો એ છે કે પરમાત્માનો સ્નેહમય સંપર્ક સાધવો જોઈએ. તો જ, પરમાત્માની પરમ અનુકંપાથી જ, એને ઓછાવત્તા પ્રમાણમાં સમજી અને સમજાવી શકાય. પરમાત્મા પોતે જ એના રહસ્યનું ઉદ્ઘાટન કરી દે. મારી પાસે અંતર અથવા આત્માની પણ અનોખી સંપત્તિ વિદ્યમાન નથી. તો પરમાત્મામાં, એમની અનુકંપામાં અને એમની અસાધારણ શક્તિમાં મને વિશ્વાસ છે એટલે મારું કાર્ય સરળ અને સફળ થશે એવી આશા છે.

ભાગવતમાં વિદ્વાનોની પરીક્ષા તો થાય છે જ પરંતુ ભક્તજનો કે પ્રેમીઓની પરીક્ષા પણ થઈ જાય છે. એ સંદર્ભમાં કહી શકાય કે :

**'ભક્તિમતાં ભાગવતે પરીક્ષા'** અથવા **'પ્રેમવતાં ભાગવતે પરીક્ષા.'**

**–શ્રી યોગેશ્વરજી**

'Grace of God comes as a flowering of your being.'



## ॥ ગીતા : ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય ॥

ગીતાના એક પ્રખર વિદ્વાન ને પરમપ્રેમીએ એકવાર વાતવાતમાં મને કહ્યું, 'ગીતા એક એવું રતન છે જેનો જોટો સંસારમાં ક્યાંય ના મળે. તેનું જ્ઞાન ખૂબ જ અદ્‌ભુત છે. શ્રીકૃષ્ણે જીવનમાં અનેક જાતની લીલા કરી, કેટલાંય કામ કર્યાં, પણ ગીતાને ગાવાની લીલાથી તેમની લીલા વધારે શોભી ઊઠે છે. ગીતોપદેશ કરવાનું તેમનું કામ બધાં જ કામોમાં અગ્રપદે વિરાજે છે. ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય પૂરેપૂરું ક્યાં વ્યક્ત થયું છે ? કૃષ્ણની વાણી, રસ ને પ્રેરણાની ઉત્તમમાં ઉત્તમ કોટિએ ક્યાં પહોંચે છે ? કૃષ્ણના અનેકવિધ અલૌકિક જીવનનું રહસ્ય કયે ઠેકાણે ખુલ્લું થાય છે ? તેમના જીવનની ફિલસૂફી ખૂબ જ સરળ, સ્પષ્ટ ને અસરકારક રીતે તથા સંપૂર્ણપણે ક્યાં પ્રગટ થાય છે ? એના ઉત્તરમાં કહેવું જોઈએ કે ગીતામાં ને ફક્ત ગીતામાં. એટલે જ ગીતા ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય કહેવાય છે. જે સિદ્ધાંતો પોતાને પ્રાણપ્રિય હતા, ને જેમનામાં વિશ્વાસ રાખીને પોતે આ જગતમાં જીવ્યા હતા, તે સિદ્ધાંતોને સંસારના હિત માટે તેમણે ગીતાના ગૌરવભર્યા ગ્રંથમાં સમાવી લીધા છે. માટે તો ગીતા ઉત્તમ ને આદર્શ જીવનની આરસીરૂપ છે. તે આરસીનો પહેલેથી જ મેં ઉપયોગ કર્યો છે, ને તેની મદદથી મન ને અંતરની મલિનતાને દૂર કરવા હિંમત ભીડી છે. ગીતા મુક્ત કે પૂર્ણ જીવનની કૂંચી છે. તેની મદદ લઈને મુક્ત જીવનના મંદિરને કોઈપણ માણસ ઉઘાડી શકે છે, ને પૂર્ણ જીવનમાં પ્રવેશ

કરીને ધન્ય પણ બની શકે છે. જગતમાં જન્મીને માતાના દૂધ ને પછી અનાજથી મારા શરીરનો ઉછેર થયો છે, પણ મનનો ઉછેર તો ગીતાના અમૃતથી જ થયો છે. બાળપણથી જ માતાપિતાનું મૃત્યુ થયું હોવાથી હું એક રીતે અનાથ કે નિરાધાર બન્યો. પણ કોઈ પુણ્યના યોગે મને ગીતાનો આધાર મળ્યો. ગીતાથી હું સનાથ બન્યો, તે માતા ને પિતાના બંનેના સુખથી પણ વધારે સુખ પામ્યો. ગંગાના દર્શન ને સ્નાન તથા પાપને પ્રત્યેક ભારતવાસી ઇચ્છે છે. મારા દિલમાં પણ તે માટેની તીવ્ર ઇચ્છા હતી-કહો કે ઝંખના હતી, પણ ગીતાનો આનંદ મળતાં જ તે ઇચ્છા શાંત થઈ ગઈ. ભગવાન શ્રીકૃષ્ણના અક્ષરના હિમાલયમાંથી નીકળેલી ગીતાગંગા મારે મન સાચી ગંગા બની ગઈ. તેના સ્નાન ને પાનનો મને નશો ચઢ્યો. એ નશો નુકશાનકારક નહીં પણ લાભકારક છે. એક બીજી વાત કહું ? જેવી રીતે કૃષ્ણનું તેવી રીતે મહર્ષિ વ્યાસનું પણ સમજવાનું છે. વ્યાસે ગ્રંથો ઘણા લખ્યા, પણ ગીતાના લેખનમાં તો તે ડોલી ઊઠ્યા છે. આવી ગીતાના ગૌરવ વિશે શું કહું ? ગીતાની આ જ્ઞાનગંગા કેવી મધુર રીતે વહી છે ! આવો, એના અમૃતને અંજલિ ભરી ચાખીએ ને કૃતાર્થ થઈએ. ગીતાના સંગીતના સુંદર સ્વર સાંભળીએ. એથી બધાં દુઃખ ટળી જશે ને આનંદઆનંદ થઈ રહેશે. ગીતાનો રસ અક્ષય છે. નદીનાં નીર ચોમાસામાં ભરાય ને ઉનાળામાં પાછાં સુકાઈ જાય, કૂવા પણ વખતપર ભરાય ને પાછા ખાલી થાય, તળાવ પણ રસ ને કસ વિનાનાં



બની જાય, પણ ગીતાનો અમૃતરસ કદી પણ નહીં સુકાય, નહીં ઘટે કે ખાલી પણ નહીં થાય. કરોડો લોકો હજારો વરસોથી તે રસનું પાન કર્યા કરે છે, ને હજી પણ પાન કર્યા કરશે. એકની એક વસ્તુ રોજરોજ વાપરવાથી તેનું આકર્ષણ ઓછું થાય છે એમ કહેવાય છે. પણ ગીતાના સંબંધમાં તે સાચું નથી. પેલા સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે સોનાને ફરીફરી તપાવવાથી તેની કાંતિમાં વધારો થતો જાય છે, તથા ચંદનને પણ વધારે ને વધારે ઘસવાથી તેની સુવાસ વધતી જાય છે, તેમ ગીતાનું વાંચનમનન વારંવાર કરવાથી તેના રસમાં વધારો થતો જાય છે. અરુચિવાળા માણસે પણ એકવાર જ્યાં ગીતાના અમૃતરસનો સ્વાદ લીધો, ત્યાં તેને એવો ચસકો લાગવા માંડે છે, રસની એવી તો અદમ્ય ભૂખ લાગવા માંડે છે કે તેને તૃપ્ત કરવાનું કામ ખૂબ જ મુશ્કેલ થઈ પડે. પછી તો તે ગીતાનો પરમ પ્રેમી થઈ જાય છે. ગીતાના નિરંતર અભ્યાસથી તેના રસમાં વધારો થતો જાય છે.'

**—શ્રી યોગેશ્વરજી**

'શ્રીમદ્ ભગવદ્ગીતા ભારતવર્ષની સંસ્કૃતિના સારરૂપ ગ્રંથ છે. ઉપનિષદ્ નથી વાંચી શકતા એમને માટે આ ઉત્તમ ગ્રંથ છે. ભગવદ્ગીતા 'અદ્વૈતામૃતવર્ષિણી' છે.'

**—વિમલા ઠકાર**

## ॥ પૂર્ણ પુરુષ બીજાને મદદરૂપ છે ॥

ત્યારે શું આ દશાએ પહોંચ્યા પછી તે કોઈને કામ નહિ આવે ? તેનું પોતાનું જીવન તો પરિપૂર્ણ બન્યું, પણ બીજાને તે મદદરૂપ નહિ બને ? જરૂર બનશે. તેવો મહાપુરુષ આ સંસારમાં કેવળ શ્વાસ લેશે તો પણ બીજાને માટે પ્રેરણાદાયક બની રહેશે. તેનું દર્શન માનવજાતિને જીવનના પૂર્ણ વિકાસની પ્રેરણા પાશે ને ઈશ્વરી માર્ગે પ્રવાસ કરતા સાધકોને સંદેશ દેશે. સંસારમાં ગળાબૂડ ડૂબેલા ને ઈશ્વરને ભૂલેલા માણસોને માટે તેનું જીવન લાલબત્તી જેવું બનશે. સંસારમાં આપણે જોઈએ છીએ કે દરેક વસ્તુ દ્વારા બે જાતના હેતુ સરી રહે છે. સૂર્યનો પ્રકાશ તેની શોભામાં વધારો કરે છે, ને સાથે સાથે સ્વાભાવિક રીતે જ, બીજાને માટે માર્ગદર્શક બની રહે છે. ફૂલ જે ડાળી પર ખીલે છે તેની શોભાને વધારે છે : પણ સાથે સાથે આજુબાજુના વાતાવરણમાં સુવાસ પણ ફેલાવે છે. નદી પોતાના આનંદમાં મગ્ન બનીને સાગરની દિશામાં વહ્યે જાય છે, પણ તેની સાથે લોકકલ્યાણનો હેતુ આપોઆપ સરી રહે છે, તેવી રીતે મહાપુરુષોનું જીવન સંસારને માટે મદદરૂપ જરૂર બને છે. તેમનું જીવન સંસારને માટે નકામું નથી બનતું. તે જીવન તેમનું એકલાનું નહિ, પણ સમસ્ત સંસારનું થઈ જાય છે. ઈશ્વરને ભૂલીને જડવાદના ઉપાસક થઈ જતા માનવને તેવા મહાપુરુષો નીતિ ને આધ્યાત્મિક જીવનનો રાહ બતાવે છે. માનવના અંધારભરેલા જીવનને અજવાળામાં તે ખૂબ મદદરૂપ બને છે.

કેટલાક માણસો બોલી ઊઠશે કે, માનવ પોતે શાંતિ મેળવીને બેસી રહે તેથી બીજાને શો લાભ ? પોતે પૂર્ણ થઈને



બેસી રહેવું એ તો સ્વાર્થ કહેવાય. પોતાની જ ઉન્નતિ માટે સાધના કરવી એ પણ શું સ્વાર્થ નથી ? આપણે જવાબ વાળીશું કે, જીવનની પૂર્ણતા માટે સાધના કરવામાં જો સ્વાર્થ રહેલો હોય તો તેથી ડરવાનું કોઈ કારણ નથી. તે એક ઈચ્છવા જેવો સ્વાર્થ છે ને તેની સિદ્ધિમાં લાગવું એ પ્રત્યેકનો ધર્મ છે. માણસ સમાજનો ઘટક છે. તેના જેવા અનેક માણસો મળીને સમાજ બને છે. એટલે તે જે કૈં કરશે તેની સારાય સમાજ પર જરૂર અસર પડશે. ધારો કે તમે જે ગામમાં રહેતા હો તે ગામને સાફ કરવાની તમારી શક્તિ ના હોય; અથવા ગમે તે કારણથી તમે આખા ગામને સાફ કરી શકતા ના હો; પણ તમારા ઘરની સફાઈ કરીને બેસી રહેવાથી પણ શું તમે ગામની સફાઈમાં સહાય નથી કરતા ? સૂર્ય સૌને પ્રકાશ પહોંચાડે છે. પણ તે આથમે છે ત્યારે ઘરમાં દીપક કરવામાં આવે છે. તેનો પ્રકાશ આખા જગતમાં નથી પહોંચતો. માટે તેને નકામો કહીને ફેંકી દઈશું કે ? આખા ગામમાં તેનો પ્રકાશ ના પહોંચે પણ આપણા ઘરમાં તો પડે છે ને ? ઘરનું અંધારું તો તેનાથી દૂર થાય જ છે. તે પ્રમાણે જે માણસ પોતાના વિકાસ માટે સાધના કરે છે, તે પોતાની સાથે સમાજની સેવા પણ કરે છે. આવા પૂર્ણ ને મુક્ત પુરુષોએ સંસારમાં જબરજસ્ત ધર્મનાં આંદોલનો ઊભાં કર્યાં છે. ઈશુ, બુદ્ધ, જરથુસ્ત, મહમ્મદ, કૃષ્ણ ને શંકર તથા નાનક ને મહાવીર જેવા પુરુષો એવા મુક્તપુરુષો જ હતા. જોકે બધા પુરુષો એવું વિરાટ કામ નથી કરી શકતા, પણ બીજાને મદદરૂપ થવામાં તો માને જ છે એટલે તે નાના પાયા પર પણ કામ કરે છે. કામ કરવાની વાત માણસની રુચિ પર અવલંબે છે. કેટલાક માણસો બાહ્ય રીતે કોઈ પણ કામ કરવાની ઈચ્છા નથી રાખતા.

તે માને છે કે સંસારની વ્યવસ્થાનો ભાર ઈશ્વર પોતે ઉપાડી લેશે. આપણે તેની ચિંતા કરવાની જરૂર નથી. આપણી ચિંતાથી વળશે પણ શું ? માણસો પોતાનાં કર્મ પ્રમાણે ફલ ભોગવે છે એમ માનીને તે શાંત થઈને એક બાજુ બેસી જાય છે, છતાં કોઈ તેમની પાસે જાય ને તેમની મદદની ઈચ્છા કરે તો મદદ કરે છે. બીજી જાતના માણસો પૂર્ણ કે મુક્ત થયા પછી પણ વિરાટરૂપે કે વધારેમાં વધારે કામ કરવામાં માને છે, અંધારામાં અટવાતાં ને પ્રકાશની ઝંખના કરતા માણસોને તે પ્રકાશ બતાવે છે, માર્ગ ભૂલીને આમતેમ અથડાતા માણસોને માર્ગ બતાવે છે ને તેમ કરવામાં આનંદ માને છે. આ સારું પણ છે કેમકે ઈશ્વરની કૃપા પામેલા બધા જ માણસો જો મૂક બનીને બેસી જાય, તો જેમને ઈશ્વરની કૃપા મેળવવી છે, તેમને માર્ગ કોણ બતાવે ? શાંતિ ને મુક્તિ મેળવી ચૂકેલા મહાપુરુષ જો કોઈને ય મદદ ના કરે તો સંસારમાં શાંતિ ને મુક્તિ માગનારને માર્ગદર્શન ક્યાંથી મળે ? એટલે ઈશ્વર જ તેમના અંતરમાં અનુકંપા ઉપજાવે છે. તેથી પ્રેરાઈને તે બીજાના હિતના કામમાં પડે છે. જેને પૂર્ણતાની પ્રાપ્તિ નથી થઈ, તેને તો કર્મ કર્યા વિના ચાલે જ કેમ ? તેને તો આળસુ થઈને બેસી રહ્યે કેમ પાલવે ? બધા જ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરીને તેણે કર્મપરાયણ બનવું જોઈએ, પુરુષાર્થી થવું જોઈએ. જીવનના ધ્યેયની સિદ્ધિ એદી બનીને ઊંઘ્યા કરવાથી કેવી રીતે થઈ શકશે ? આ સંસારમાં જે પણ મહાન બની ગયા, તે સતત પુરુષાર્થ કરવાથી જ તેવા થઈ શક્યા છે. પળેપળનો હિસાબ રાખીને કામ કરવું જોઈએ, તો જ સિદ્ધિની પ્રાપ્તિ થઈ શકે. એટલે જ ભગવાન કહે છે કે, 'હે અર્જુન, તું



કર્મ કર. આજે તો તું સાધક છે, પણ પૂર્ણ, મુક્ત ને સિદ્ધ થઈ ગયા પછી પણ કર્મને ના છોડતો. ઉત્તમ પ્રકારનાં કર્મો કરીને તું સૌનું હિત કરી શકીશ. જીવનના કેટલાય પ્રવાસી તારે પગલે ચાલશે ને પોતાનું જીવન ઉજ્જવળ કરશે.'

ઉપદેશકનું પોતાનું જીવન તેના ઉપદેશ પ્રમાણે ના હોય, તો તેની અસર કેવીક થાય ? કેટલાક માણસો સભામાં ધર્મ ને નીતિના મહત્ત્વ પર ભાર મૂકે છે, પણ તેમનું જીવન અધર્મથી ભરેલું હોય છે તેથી તેમનું કથન ભાગ્યે જ અસરકારક બને છે. શ્રીકૃષ્ણ ભગવાનના ઉપદેશની વિશેષતા જ એ છે કે તે તેમના જીવન સાથે ઓતપ્રોત થઈ ગયેલી વસ્તુ છે. ભગવાન પોતે પૂર્ણ પુરુષોત્તમ હતા. તેમને કર્મ કર્યા વિના ચાલે તેમ હતું, જીવનના પાછલા કાળમાં તે જંગલમાં જઈને બેસી શકે તેમ હતું, છતાં તેમ કરવાને બદલે તે અર્જુનનો રથ હાંકવા તૈયાર થયા હતા, તે શું બતાવે છે ? એ જ કે જીવન દ્વારા બીજાના મંગલ માટે કામ કરવામાં તે સાચેસાચ માનતા હતા. જે વાતમાં તે માને છે, તે જ વાતનો ઉપદેશ તે અર્જુનને આપી રહ્યા છે. તેથી તે ઉપદેશ આટલો બધો અસરકારક બને છે.

**—શ્રી યોગેશ્વરજી**

'જ્ઞાનીનું મૌન અનવરત વાક્ધારા છે. એનું નૈષકર્મ્ય એ સતત કર્મ છે.'

**—શ્રી રમણ મહર્ષિ**

## ॥ 'રામચરિતમાનસ' : સરળ રસમય રૂપાન્તર ॥

યોગેશ્વરજીનું નામ લેખક, પ્રવચનકાર અને સંતપુરુષ તરીકે ગુજરાતને હવે જરાય અજાણ્યું રહ્યું નથી. પૉલ બ્રન્ટનના A Search in secret India અને પરમહંસ યોગાનંદના Autobiography of a Yogi એ અંગ્રેજી પુસ્તકોના એમના અનુવાદે તથા 'ભગવાન રમણ મહર્ષિ' એ રમણ મહર્ષિના જીવન અને કાર્યના એમના વિસ્તૃત ચરિત્રગ્રંથે એમના પોતાના વિશે વાચકોમાં જે જિજ્ઞાસા જન્માવી છે તે સ્વાભાવિક છે અને તેને એમની પ્રચ્છન્ન અને પ્રગટ આત્મકથાઓના 'શ્રેય અને સાધના' તથા 'પ્રકાશના પંથે' એ બે ગ્રંથોએ સંતોષી આપવાનું કામ કર્યું છે. કૉલેજના અભ્યાસ સુધી પહોંચેલા પણ પૂર્વજન્મના સંસ્કારોને પ્રભાવે અધ્યાત્મ-સાધના ભણી વળી જઈ ભારતનાં તીર્થધામોની તથા સંતમહાત્માઓના આશ્રમોની યાત્રા બાદ હિમાલયમાં સારો એવો સમય તપશ્ચર્યા અને સાધનામાં ગાળી પ્રાપ્તવ્યની પ્રાપ્તિ બાદ છેલ્લાં કેટલાંક વરસોથી ગુજરાત, ભારત અને પરદેશમાં વસતા જિજ્ઞાસુ અને મુમુક્ષુ વૃત્તિના ભારતીયોને પ્રવચનો દ્વારા આપણા પ્રાચીન ધર્મ, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ-સાધનાનાં મૂળ તત્ત્વો સમજાવી તેમને ધર્માભિમુખ અને સાધનાતત્પર બનાવવાનો અંતર્યામીના આદેશે ચીંધેલો પુરુષાર્થ પોતે કેવો બજાવી રહ્યા છે તે આપણે જાણીએ છીએ.

પોતાના એ મિશનનું સાધન જેમ જીભને તેમ કલમને પણ તેમણે એટલા જ મોટા પ્રમાણમાં બનાવેલ છે. તેમનાં અત્યાર સુધીમાં પ્રગટ થયેલાં પુસ્તકોની મોટી સંખ્યા એનો બોલતો પુરાવો



બની રહે છે. બાદરાયણનાં બ્રહ્મસૂત્રો, ઉપનિષદો, ભગવદ્‌ગીતા, પાતંજલ યોગસૂત્રો, ભાગવત અને રામાયણ એનાં એમનાં સરળ લોકગમ્ય ભાષ્યવિવરણનાં વિષય બન્યા છે, જે તેમને વેદાંત, યોગ અને ભક્તિપોષક પુરાણગ્રંથોના અભ્યાસી અવગાહક તરીકે પ્રગટ કરે છે. આવા શાસ્ત્રપારંગત સંત સાહિત્યના પણ જીવ છે. વાર્તા, નવલકથા, કવિતા, ચરિત્ર, પ્રવાસવર્ણન, આત્મકથા વગેરે સાહિત્યસ્વરૂપોની સેવામાં પણ એમની કલમ અને કલ્પના સારા પ્રમાણમાં વિહર્યાં હોવાનું એ પ્રકારનાં એમનાં પ્રગટ થયેલાં પુસ્તકોની સંખ્યા બતાવી આપે છે. એ પ્રકારના સર્જનાત્મક સાહિત્યમાં પણ એમની દૃષ્ટિ અને વૃત્તિ માનવીના શ્રેય અને ઊર્ધ્વીકરણને લક્ષતી રહી હોય એ વગર કહ્યે સમજાય તેવું છે. પુસ્તકોનું લેખન-પ્રકાશન એમના અવિશ્રાન્ત કર્મયોગનું ફળ કહેવાય. નિત્યનો અંગત સાધનક્રમ, નિદ્રા-ભોજન-આરામના દેહધર્મ અને જાહેર પ્રવચનો બાદ કરતાં બાકી વધતા સમયની પળેપળનો ઉપયોગ પોતે સ્વાધ્યાય-ચિંતન અને લેખનમાં એવો કરતા હોય છે કે લેખન તેમના કર્મયોગનો એક ભાગ જ બની ગયેલ જણાય છે. ગીતાનું પતે કે તરત ભાગવતનું અને એ પતે કે તરત બ્રહ્મસૂત્રનું, એમ એક પછી એક કામ એમણે ઉપાડ્યું જ હોય. એ ક્રમમાં તુલસીકૃત 'રામચરિતમાનસ'ના ગુજરાતીકરણ-નો વારો આવતાં ભાવિકોને એમનો આ ગ્રંથ ઉપલબ્ધ થાય છે.

વિદેશી પંડિતોને ગ્રીક કવિ હોમરના 'ઈલિયડ' અને 'ઑડિસ્સી' કરતાં વિશેષ રસિક અને બોધપ્રદ જણાયેલ આપણો 'રામાયણ'નો ધર્મગ્રંથ અને તેમાંની રામકથા હિંદુધર્મ અને સંસ્કૃતિ સાથે એવાં તો જડાઈ ગયાં છે કે ભારતમાંથી તો તે કદી

ભૂંસાઈ જાય તેમ છે જ નહિ. એ સંસ્કૃત પુરાણકાવ્યના સર્જકને બ્રહ્માએ આપેલી

**યાવત્સ્થાસ્યન્તિ ગિરયઃ સરિતશ્ચ મહીતલે ।**
**તાવદ્રામાયણકથા લોકેષુ પ્રચરિષ્યતિ ॥**

એ ખાતરી પૂરેપૂરી સાચી પડી છે. રામાયણકથા ભારતની બધી પ્રદેશભાષાઓમાં તો ખરી જ પણ દુનિયાની પણ ઘણી ભાષામાં ઊતરી છે, અને તેને આધારશિલા બનાવી પોતપોતાની ભાવના, દૃષ્ટિ અને કલાસંપત પ્રમાણે અનેકોની કલમે તે ફરી ફરી લખાયા કરી છે. તેના બાલ-કિશોર-ભોગ્ય સંક્ષેપો પણ કેટલા બધા થયા છે ! ભારત અને જાવા-સુમાત્રામાં ચિત્ર શિલ્પ નૃત્ય વગેરે કલાઓએ પણ તેનું કેવું પુનર્નિર્માણ કરી તેને પ્રજાની સંસ્કૃતિમાં વણી લીધી છે ! રામાયણનાં પાત્રો અને પ્રસંગોને આધારે કાલિદાસાદિના સંસ્કૃત સાહિત્યના કાળથી આજ સુધીમાં કાવ્યો, નાટકો, વાર્તાઓ અને હવે નવલકથાઓ પણ સંસ્કૃત, પ્રાકૃત અને દેશી ભાષાઓમાં રચાતાં રહ્યાં છે. એમાંનાં પાત્રો અને પ્રસંગોને આજના યુગસંદર્ભમાં બંધ બેસે એવા નવા અર્થઘટનનો લાભ આપી બધી ભારતીય ભાષાઓમાં પુનરાલેખવામાં આવ્યાં છે. લોકનાટ્ય, નૃત્ય, રંગભૂમિ અને સિનેમા પર રામકથા આજ સુધી રજૂ થતી રહી છે અને વર્ષો સુધી રજૂ થતી રહેવાની. રામાયણકથાના બ્રહ્મા-ભાખ્યા (અને બીજી રીતે વાલ્મીકિના આત્મવિશ્વાસ છલકતા) ચિરંજીવિત્વની એ નિશાની છે.

ભારતમાં મધ્યકાળમાં દેશી પ્રદેશભાષાઓમાં અવધી હિંદીમાં ચારસો વર્ષ પર લખાયેલી તુલસીદાસ-વિરચિત રામકથા



'રામચરિતમાનસ' ઉત્તર પ્રદેશમાં અને તદનંતર પશ્ચિમ પૂર્વ અને મધ્ય ભારતમાં પ્રચંડ લોકાદર પામેલી છે. વાલ્મીકિએ રામને ધર્મમૂર્તિ અને સર્વગુણોપેત પુરુષોત્તમ આલેખી તેમના અન્ય પાત્રો દ્વારા વ્યક્તિ, કુટુંબ અને સમાજ માટેનો ધર્મ-સત્ય-પ્રતિષ્ઠિત શ્રેયસ્કર આચરણ કે વ્યવહારનો આદર્શ મૂર્ત કર્યો છે. ઉત્તર ભારતની આર્યસંસ્કૃતિ અને કૃષિનો દક્ષિણમાં પ્રચાર-પ્રસરણ તથા આર્યઅનાર્યના સંઘર્ષ અને સહચાર-મિલન એમાં કથાના આડપડદે નિરૂપાયાં હોવાનું વિદ્વાનોએ જોયું છે. વાલ્મીકિની રચનામાં રામને ઈશ્વરાતાર માનવાની શરૂઆત પાછળના ભાગમાં લંકાકાંડમાં એમને એની યાદ અપાવતા શબ્દોમાં જોઈ શકાય છે. પણ તુલસીદાસે તો પોતાના કથાનાયકને 'રામાખ્ય હરિ' જ સ્થાપી દઈ અત્યંત ભક્તિભાવપૂર્વક આખા ગ્રંથની રચના એવી કરી છે કે તેમનું 'રામચરિતમાનસ' હિંદુઓનો પ્રેરણાદાયી રામભક્તિગ્રંથ બની ગયો છે, જેમ 'શ્રીમદ્‌ભાગવત' શ્રીકૃષ્ણભક્તિનો. અનેક રામાયણ, પુરાણ, કાવ્ય, નાટક, ઈતિહાસ, ઉપનિષદો વગેરેમાંથી ઉપાદેય વસ્તુ મધુભોગી ભ્રમરની પેઠે લઈ પોતાની જ એકનિષ્ઠ પ્રભુભક્તિની અભિવ્યક્તિ તુલસીદાસજીએ પોતે કહે છે તેમ 'સ્વાન્તઃ સુખાય' જે વાટે કરી છે તે 'રામચરિતમાનસ' લોકહૃદયમાં સીધો પ્રવેશ કરી ત્યાં પોતાનું અવિચલ્ય આસન જમાનાઓ સુધી જમાવી બેસે અને એમાંનાં ચોપાઈ દુહા અને રામસ્તુતિઓ ભાવિકોને કંઠેથી આજ સુધી ભારતભરમાં લલકારાતાં રહે, એમાં કશી નવાઈ નથી. 'ભક્તિમાળ'ના કર્તા નાભાજી 'કલિકુટિલજીવનિસ્તારહિત

વાલ્મીકિ તુલસી ભયો' એમ અને કવિ અબ્દુર્રહીમ 'રામચરિતમાનસ'ને 'હિન્દુઆનકે વેદ રામ, જમનહિં પ્રગટ કુરાન' એમ કહી નાખવા પ્રેરાય અને ગ્રીયર્સન જેવા અંગ્રેજ વિદ્વાનને તુલસીદાસને એશિયાના ત્રણચાર મોટા કવિઓમાં ગણાવી ઇંગ્લેન્ડ સમસ્તમાં બાયબલનો નથી એટલો પ્રચાર ગંગાજમુનાના દોઆબ-પ્રદેશમાં એના રામાયણનો છે એમ કબૂલવું પડે, એ તુલસીકૃત રામકથાની આંતરસંપત્તિ અને લોકહૃદયમાં ભક્તિગ્રંથ તરીકે તેને પ્રાપ્ત થયેલા સ્થાનનો ખ્યાલ આપણને આપી રહે છે. તાજેતરમાં વિદેહ થયેલા પાદરી બુલકે તો તુલસીદાસના અને તેમના રામાયણના પ્રેમી ભક્ત બની ગયા હતા.

ભાષાંતર દ્વારા પરદેશ બીજી ભાષાઓમાં પણ પહોંચેલ 'રામચરિતમાનસ' ગદ્યમાં તો ગુજરાતી ભાષાંતર વર્ષો પહેલાં પામ્યું હતું. પણ યોગેશ્વરજીને સ્ફુર્યું કે એને ગુજરાતીમાં તેની જેવા જ પદ્યમાં ઉતાર્યું હોય તો ચારસો વર્ષ પહેલાંની અવધી હિંદી સમજી ન શકનાર ભાવિક ગુજરાતીઓને અર્થ સમજણ સાથે તેનું ગાન-પઠન કરવાનું સુગમ બને. બસ, સંકલ્પ થયો કે પછી એને કાર્યાન્વિત કરવા જ મંડી પડ્યા યોગેશ્વરજી. પદ્યરચના તો એમને વિદ્યાર્થીકાળમાં કરેલી એના પ્રારંભિક વ્યાયામથી તેમજ ત્યાર પછી અત્યાર સુધીમાં એમણે કરેલી કાવ્યરચનાથી લગભગ હસ્તસિદ્ધ હતી. સમયને હાથમાં લઈ મગજને અને કલમને એવી ઉદ્યમશીલતાથી એમણે ચાલતાં કર્યાં કે તુલસીદાસજીને હાથે સં. ૧૬૩૧ના ચૈત્ર સુદ નવમીને દિવસે આરંભાઈ સં. ૧૬૩૩ના માગસરમાં એટલે બે વરસ અને



લગભગ આઠ મહિને પૂરા થયેલ 'રામચરિતમાનસ'ના આ ગુજરાતી રૂપાન્તરને પૂરું થતાં તેનાથી ત્રીજા ભાગનો સમય જ લાગ્યો. પાસે મૂળ હિંદી કૃતિ રાખી પોતે ગુજરાતીમાં ઉતારતા જાય અને એ એવું છેકભૂંસ વિનાનું હોય કે તે સીધું પ્રેસમાં મોકલાવાઈ શકે, એવી ચોકસાઈ અને શીઘ્રલેખનની એમની ફાવટે તેમ એમના ભાષાપ્રભુત્વે એમાં ધાર્યું કામ આપ્યું છે.

અનુવાદમાં એમણે સરળતા અને સુગમતા આણવા પૂરો પ્રયત્ન કર્યો દેખાશે. પ્રધાન કથાના પ્રવાહમાં વિક્ષેપ ન પડે તેટલા સારું તેમજ નિવાર્ય અને અનાવશ્યકપણે થતું લંબાણ નિવારવા એમણે મૂળ કૃતિમાંથી કેટલુંક છોડી દેવાનું ઉચિત માન્યું છે. એક બાલકાંડ જ જોઈએ તો તેમણે આરંભની સતીએ રામના ભગવાનપણાના કરેલા પારખાથી માંડી બીજા ભવમાં તેમના મહાદેવ સાથે થયેલા વિવાહની લાંબી કથા, નારદનું પોતે કામદેવને જીત્યાનું અભિમાન ભગવાને ઉતાર્યાનો અને નારદે તેમને શાપ આપ્યાનો પ્રસંગ, રાવણના પૂર્વાવતારની પ્રતાપભાનુ ને કાલકેતુની વાત, રાવણની આ જન્મની અભિમાનપ્રેરિત લીલાઓની હકીકત તથા સગરપુત્રો ને ભગીરથની તથા ગંગાની ઉત્પત્તિની વિશ્વામિત્રે રામલક્ષ્મણને પ્રવાસમાં સંભળાવેલી કથા આ દૃષ્ટિ કે સમજથી પ્રેરાઈ છોડી દીધાં છે. આવું થયેલું અન્યત્ર પણ ક્યાંક ક્યાંક મૂળની સાથે આ અનુવાદને સરખાવી જોનારને જણાશે. મૂળની સાથે આ ગુજરાતી અનુવાદને સરખાવી જોનારા આ પણ જોઈ શકશે કે યોગેશ્વરજીએ પદ્યરચનામાં બહુધા તુલસીદાસજીના 'દોહા છંદ ચારુ ચૌપાઈ' ને અનુસરવા-પ્રયોજવાનું રાખ્યું છે. પણ ક્યારેક

તેમ નથી પણ કર્યું. દાખલા તરીકે, આરંભની ગણેશ, વિષ્ણુ, મહાદેવ અને ગુરુને વંદનાના પાંચ તુલસીદાસે પ્રયોજેલા સોરઠા આ ગુજરાતી અનુવાદમાં સોરઠામાં ઊતર્યા નથી. એ જ રીતે તુલસીદાસની—

**જે જનમે કલિકાલ કરાલા, કરતબ બાયસ બેષ મરાલા.**
**ચલત કુપંથ બેદમગ છાંડે, કપટ કલેવર કલિમલ ભાંડે.**
**બંચક ભક્ત કહાઈ રામકે, કિંકર કંચન કોહ કામકે.**
**તિનમહં પ્રથમ રેખ જગ મોરી, ધિંગ ધરમ ધ્વજ ધંધક ધોરી.**

એ ચોપાઈઓ ગુજરાતી અનુવાદમાં

**કરાળ કલિયુગમાં જે જન્મ્યા, વેશ તેમનો હંસ સમો,**
**કાગ સમાં કરતૂત તેમનાં, મનમાં મેલ ભર્યો સઘળો;**
**વેદમાર્ગને મૂકીને તે કુમાર્ગ ગ્રહણ સદાય કરે,**
**કપટમૂર્તિ બનતાં કલિયુગનાં ઘોર કુકર્મ કરી વિચરે.**

**રામભક્તનો સ્વાંગ સજીને, જનતાને ઠગતા ફરતા,**
**કામ ક્રોધ ને દાસ લોભના, ધતિંગ ધર્મતણાં કરતા;**
**ધર્મ તણો ધ્વજ ધરનારા પણ દંભી કપટી અવિચારી,**
**એવા ઠગ ભક્તોમાં કરજો ગણના સર્વ પ્રથમ મારી.**

એ સવૈયામાં ઢળાઈ છે. બીજી બાજુ, તુલસીદાસની—

**છંદ સોરઠા સુંદર દોહા, સોઈ બહુરંગ કમલકુલ સોહા,**
**અર્થ અનૂપ સુભાવ સુભાસા, સોઈ પરાગ મકરંદ સુવાસા.**

એ ચોપાઈઓ

**દોહા સોરઠા સુંદર છંદ, કમળપંક્તિ શા છે બહુરંગ,**
**ભાષા ભાવ અર્થના રંગ, એ પરાગ મકરંદ સુગંધ.**



એ ગુજરાતી ચોપાઈઓમાં જ ઊતરી છે. મૂળના ‘કમળકુલ’ અનુવાદમાં ‘કમળપંક્તિ’ અને મૂળના ‘દુઈ દુઈ દસન અધર અરુણારે’માંના બે દાંત અનુવાદમાં ‘અધર લાલ દંત તણી હાર’ બને છે, અને અનુવાદની પંક્તિની મૂળ ચોપાઈ સાથે સરખાવતાં તેમાંના ‘જેમ પ્રજ્ઞા પામીને પંડિત’ એ શબ્દો તથા એ જ પૃષ્ઠની છેલ્લી પંક્તિ ‘અને સાર્થક વચન કર્યું’ એ શબ્દો અને તેમાંનું કથન મૂળમાં ન હોતાં અનુવાદકનું પોતાનું ઉમેરણ જણાય છે, એ તથા આગળની હકીકત એ બતાવે છે કે ગુજરાતી અનુવાદ બહુધા મૂલ પ્રમાણે પણ કેટલીક વાર સહેજ મોકળાશથી કરવામાં આવ્યો છે. આ ગુજરાતી ‘રામચરિતમાનસ’ને હિંદી ‘રામચરિતમાનસ’ સાથે શબ્દશઃ અને પંક્તિશઃ સરખાવવાની ચેષ્ટા કરવાની જરૂર નથી, એને મૂળનો સારો સારાનુવાદ કે સરલીકૃત રૂપાન્તર કહેશો તો ચાલશે, એટલું જ આ વીગતો પરથી તારવવાનું છે.

અનુવાદમાં ઘણે સ્થળે એક જ દાખલો : ઘણી પંક્તિઓ સાદાસીધા ગદ્ય જેવી જણાય છે. એનું કારણ અનુવાદ ઉતાવળે થયો હોય એ જ નથી, એને શક્ય તેટલો સરળ અને સુગમ બનાવવાના પ્રયાસનું પણ એ ફળ ખરું. યોગેશ્વરજીને ભજનો ગાતાં અને ઝિલાવતાં સાંભળનારાંઓને માલૂમ હશે કે તેમનો કંઠ મધુર છે અને ગાનને ટેવાયેલો છે. એવા પોતે આવી પંક્તિઓને ગાવામાં સારી રીતે બેસાડી શકતા હશે એમ માની શકાય. એમની રીતે ગવાતાં એવી પંક્તિઓ કવિતાનો નહિ તો સંગીતનો સ્વાદ આપી શકશે. હરિગીત છંદની ચાલમાં ગાઈ શકાતી પહેલી કડીની પ્રથમ બે પંક્તિઓ બરાબર છે, પણ તે પછીની

**ખળભળ્યું જગ, હાથી દિશાના સર્વ ચિત્કારી રહ્યા,**
**સુર અસુર મુનિએ શ્રવણ બંધ કર્યાં, જન પડ્યાં ભ્રાંતિમાં.**

એ બે પંક્તિઓમાં લય તૂટતો વરતાય છે ત્યાં તથા અન્ય સ્થળે જ્યાં ક્યારેક તાલભંગ કે લયમાં સહેજ વિક્ષેપ કે ખટકો વરતાવાનો સંભવ છે ત્યાં એ પંક્તિઓનું તેમના સર્જકે મનમાં બેસાડેલું સંગીત જાણી તેને અનુસરવાથી ખટકો ખટકવાનો નહિ. ટૂંકમાં, યોગેશ્વરજીનો આશય તુલસીદાસજીની રામકથાને સરળ ગુજરાતીમાં ગેય અને લોકસુગમ કરી આપવાનો હતો, સાહિત્યયશ કમાવાનો નહિ, એ સમજી લેવાની જરૂર છે. એમનો એ આશય આ ગુજરાતીકરણથી પૂરો બર આવ્યો છે, તુલસીદાસની સરળતા અને ઊભરાતો ભક્તિભાવ એમાં ઊતર્યાં જ છે.

એક વિચાર આ સંબંધમાં એ આવે છે કે 'રામચરિતમાનસ'નો આ ગુજરાતી અનુવાદ પ્રેમાનંદાદિ મધ્યકાલીન ગુજરાતી આખ્યાનકારોની ઢબે રાગોની દેશીઓના ઢાળોમાં અને કડવાં અને વલણોમાં એને વહેંચીને કરવામાં આવ્યો હોત તો ? ગિરધરે એનું રામાયણ એ જ રીતે લખ્યું છે. એમાં ગેયતા વિશેષ પ્રમાણમાં સાધી શકાતી હોઈ, જેને આનો ઉપભોક્તા-વર્ગ કલ્પવામાં આવ્યો છે તેને એ વધુ રુચિકર અને કંઠસ્થ કરવામાં અને ગાવામાં વધુ સુગમ બનત. ગિરધરકૃત રામાયણ પ્રજામાં ઠીક લોકપ્રિય બનેલું તેનું કારણ આ છે. યોગેશ્વરજીને એવી દેશીઓની પદ્યરચના પણ ફાવે તો છે જ, જેમ એમના 'શ્રીકૃષ્ણ-રૂક્ષ્મિણી'એ આ અગાઉ દેખાડ્યું છે. પરંતુ તેમને તુલસીદાસને ગુજરાતીમાં લાવવા હતા અને તેમની



મહાન રચનાનું 'દોહા છંદ ચારુ ચૌપાઈ' ગુંજારતું વાતાવરણ સરજવું હતું એ ભૂલવું જોઈએ નહીં. આ આશયે જ તુલસીદાસ-પ્રયુક્ત પદ્યશૈલીને યથાશક્ય પ્રમાણમાં ગુજરાતીમાં અનુસરવાનો અને અને ઉતારવાનો સારસ્વત પુરુષાર્થ એમની પાસે કરાવ્યો છે.

'રામચરિતમાનસ'ના અસલ રચયિતાના સમાનધર્મી બની યોગેશ્વરજીએ લોકાનુગ્રહાર્થે ગુજરાતી ભાષામાં તૈયાર કરેલા આ ગ્રંથને તેમાંના રામરસનું ભક્તિભાવથી પાન કરનારો બહોળો વાચક વર્ગ મળી રહો અને એને ગિરધરકૃત રામાયણને એક કાળે વરી હતી એટલી લોકપ્રિયતા સાંપડો તેમજ પોતે ઈશ્વરપ્રીત્યર્થ લીધેલા આ ભક્તિશ્રમની સફળતા અને સાર્થકતાનો સંતોષ યોગેશ્વરજીને મળી રહો એવી શુભ કામના સાથે એમને આ સત્પ્રયાસ માટે અભિનંદું અને અભિવંદું છું. બાકી એમણે તો આ ગ્રંથનો છેલ્લો શબ્દ લખ્યા પછી ''અનેન અનુવાદાખ્યેન કર્મણા ભગવાન્ રામચંદ્રઃ પ્રીયતાં ન મમ ।'' એમ જ ઉદ્‌ગાર્યું હશે.

**—શ્રી અનંતરાય રાવળ**

(૧-૨-૧૯૮૩)

'રામ તથા કૃષ્ણને ઈશ્વરના અંશ ગણવા કરતાં તે બન્ને 'અવ્યક્ત ઈશ્વર' હતા એમ માનવામાં કશી અડચણ નથી.'

**—શ્રીમદ્ રાજચંદ્ર**

## ॥ સંત સાહિત્યકાર શ્રી યોગેશ્વરજી ॥

ચારેક માસ મસૂરીમાં રહી વર્ષનો મોટો ભાગ પરિવ્રાજક બની, છેક મુંબઈથી ભાવનગર સુધીનાં ગુજરાતનાં વિવિધ શહેરોમાં જઈ પ્રવચન-શિબિરાદિની લોકોપકારક પ્રવૃત્તિઓમાં સદાય રત રહેતા વીતરાગી વિરલ કોટિના સંત સાહિત્યકાર શ્રી યોગેશ્વરજીએ છેલ્લાં આઠેક વર્ષોથી વડોદરાની જનતાના હૃદયમાં ધર્મ-તત્ત્વ-સંસ્કૃતિના સર્વોત્કૃષ્ટ સારભૂત અંશોને રોચક પણ બુદ્ધિગમ્ય રીતે સુદૃઢ કરવામાં મૂલ્યવાન ફાળો આપ્યો છે.

એ મહાપુરુષનું મૂળ નામ ભાઈલાલભાઈ મણિલાલ ભટ્ટ, તેમનો જન્મ સરોડા (સાબરમતી) ગામમાં ૧૯૨૧માં ૧૫ મી ઑગસ્ટે-સ્વાતંત્ર્યદિને અને શ્રી અરવિંદ-પ્રાકટ્યદિને થયો હતો. વડોદરાની શાળામાં અને પછી મુંબઈની કૉલેજમાં અભ્યાસ કરતાં કરતાં જ તેમને પોતાના ઉચ્ચ જીવનધ્યેય અને એની દિશાની સ્પષ્ટ ઝાંખી થઈ. પોતાનાં માતામહીની ચિતા સમક્ષ જ તેમણે દિવ્ય જીવનનો નિર્ધાર કર્યો. ૧૯૪૦-૪૧માં દોઢેક વર્ષ ભાદરણ સ્કૂલમાં નોકરી કરી. યૌવનારંભમાં જ પૂર્વજન્મના સંસ્કારો અને સહજ રીતે ઉદ્દીપ્ત થઈ રહેલી અધ્યાત્મ માટેની તેમની તીવ્ર આંતરિક અભીપ્સાઓ તેમને ઈશ્વરની ખોજ માટે હિમાલય પ્રતિ ધકેલ્યા. દેવપ્રયાગ અને દશરથાચલ પર્વત પર આ શ્રદ્ધા-સંકલ્પસંપન્ન વીર સાધકે સતત સાત વર્ષ સુધી મૌનપૂર્વક તપશ્ચર્યા કરી. યાત્રામાં અનાયાસ થયેલા સંતસમાગમોમાંથી ઈષ્ટ-અનુકૂલ લાગ્યું એટલું માર્ગદર્શન માત્ર



તટસ્થભાવે સ્વીકાર્યું, પરંતુ મુખ્યત્વે તો હિમાલયમાં તિતિક્ષાપૂર્વક કરેલી યોગસાધનાએ જ તેમને સિદ્ધ ભૂમિકા પર પહોંચાડ્યા છે.

પોતાનાં પુસ્તકો અને પ્રવચનોમાં ચમત્કારોથી અંજાઈ ન જવાનો અનુરોધ કરનાર આ યોગિવર્યનું સમગ્ર જીવન જ ચમત્કૃતિપૂર્ણ છે. ૧૯૬૩માં પ્રગટ થયેલી ૧૫૦ પ્રકરણની તેમની નિરાડંબરી શૈલીમાં લખાયેલી અપૂર્ણ આત્મકથા ‘શ્રેય અને સાધના’માં વર્ણવ્યા મુજબ તેમણે સમાધિસ્થિતિમાં પ્રાચીન-અર્વાચીન સદેહ-વિદેહ અનેક અવતારી સંત મહાત્માઓનો સાક્ષાત્કાર કરેલો છે, અને માર્ગદર્શન પણ મેળવ્યું છે. અધ્યાત્મપ્રેમી સાધકોને પ્રેરણા-પ્રોત્સાહન મળે એ હેતુથી તેમણે તેમના છેલ્લા ‘ભગવાન રમણ મહર્ષિ’ પુસ્તકમાં પણ બારેક અતીન્દ્રિય અનુભવોનું વિનમ્રતાપૂર્વક નિરૂપણ કર્યું છે.

યોગેશ્વરજી ઉચ્ચ કોટિના કવિ અને વ્યુત્પન્ન વિદ્વાન છે. પૂર્વ-પશ્ચિમના પ્રાચીન-અર્વાચીન ધર્મ-તત્ત્વજ્ઞાન-વિજ્ઞાનના અને પ્રશિષ્ટ સાહિત્યના ગ્રન્થોનો તેમનો અભ્યાસ ઊંડો, તલસ્પર્શી અને બૌદ્ધિક અભિગમપૂર્વકનો પણ મર્મગ્રાહી છે. આ પ્રગતિશીલ વિચારકની ચિંતનધારા, તત્ત્વવિચારની સ્થગિતતાનો, ધાર્મિક રૂઢિચુસ્તતા ને સાંપ્રદાયિકતાનો, મિથ્યા ત્યાગનો, સમજણ વિનાના ક્રિયાચાર અને નિષ્ક્રિય પોપટિયા જ્ઞાનપ્રચારપૂર્વક થતી ભારતીય ભૂતકાળની ગૌરવગાથા ગાવાની વિડંબક પ્રવૃત્તિનો કટ્ટર વિરોધ કરે છે. એમનાં દર્શનચિંતનનો સમવાયી સૂર કેવળ પ્રેય કે શ્રેયપ્રાપ્તિ નહિ પરંતુ ઉભયના

સમુચિત સમન્વયનો છે. વિરલ અધિકારીઓના અપવાદ સિવાય બહુજનસમાજને તો તેઓ, ક્રમશઃ વૈયક્તિક અને સામાજિક-રાષ્ટ્રીય ઉત્થાન માટેના પ્રાપ્ત કર્તવ્ય અને સ્વધર્મનું નિષ્ઠાપૂર્વક પાલન કરતાં કરતાં આત્મ-પરમાત્મના સાક્ષાત્કારની દિશામાં આગેકૂચ કરવાનો અનુરોધ કરે છે. જનહિતના હેતુથી તેઓ કદી કદી તટસ્થ કઠોરતા પણ ધારણ કરીને કર્તવ્યચ્યુત તથા વિચારશીલ નેતાઓ અને સાહિત્યકારોને ચીમકી પણ આપે છે.

સ્વાનુભૂતિ અને ગહન સ્વાધ્યાયથી પ્રમાણભૂત બનેલા રસિક અને ચિંતનાત્મક ૩૮ ગ્રંથોમાં સમર્થ સાહિત્યકારની પરિણત પ્રતિભાની પ્રતીતિ થાય છે. 'અનંત સૂર'થી 'અભીપ્સા' સુધીના ભાવવાહી ગીતોના સંગ્રહો, 'પરિમલ' કે 'Tunes unto The Infinite I-2' નાં ગુજરાતી-અંગ્રેજીમાં ગીતાંજલિ જેવાં ગદ્યગીતો, અછાંદસ કાવ્યો, ૯ થી ૧૨ હજાર પંક્તિઓમાં મિશ્રછંદો-ગીતો-સૉનેટોમાં પથરાયેલી તથા મહાકાવ્યની હદે પહોંચવા મથતી 'ગાંધી ગૌરવ' 'રુકિમણી વિવાહ' (પ્રેસમાં) 'રામાયણ' (પ્રેસમાં) 'ભાગવત' (પ્રેસમાં) જેવી સુદીર્ઘ રચનાઓ, 'આગ' 'કાદવ અને કમલ' 'યોગાનુયોગ' વગેરે નવલિકા-નવલકથાઓ, નિબંધિકાઓ, વાર્તાલાપો અને જીવનચરિત્રો. વગેરે વિવિધ સાહિત્યસ્વરૂપોમાં આ યોગીકવિની લેખિની સહજભાવે-અનુભૂતિની અભિવ્યક્તિ રૂપે-પ્રતિષ્ઠાદિના પ્રયોજન વિના કેવળ જનમનજાગૃતિ નિમિત્તે જ પ્રવૃત્ત રહ્યા કરી છે. 'યોગદર્શન' 'ઉપનિષદનું અમૃત' અને 'ભગવાન રમણ મહર્ષિ' એમના ઉચ્ચ કોટિના ગૌરવશીલ ગદ્યગ્રન્થો છે. તેમનાં



પ્રવચનોની જેમ પુસ્તકોની ભાષાશૈલી પણ પ્રસન્ન પ્રવાહી અને હૃદયસ્પર્શી હોઈ અત્યંત આકર્ષક અને અસરકારક નીવડી છે. પોલ બ્રન્ટનના પુસ્તકનો તેમનો અનુવાદ 'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં' ઘણો જ લોકપ્રિય હોઈ તેની ત્રીજી આવૃત્તિ છપાય છે.

સ્વ. સાક્ષર શ્રી વિજયરાય વૈદ્ય યોગેશ્વરનાં વ્યક્તિત્વ અને વાઙ્મયથી પ્રભાવિત થઈ 'પરિમલ'ના પુરોવચનમાં (૧૯૬૭) ''જગત પોતાના સૌથી મહાન મનુષ્યોને ઓળખતું નથી, તેવાઓમાંના એક'' તરીકે યોગેશ્વરને બિરદાવે છે.

મસૂરીમાં અને અન્યત્ર શૈક્ષણિક તથા વૈદ્યકીય રાહતનાં સેવાકેન્દ્રો ખોલી-ખોલાવી નિઃસ્પૃહ, નિર્મમ ભાવે માનવી માત્રના કલ્યાણનું કાર્ય કરવામાં જ આનંદ માનતા આ નિષ્કામ કર્મયોગીનો સંદેશસાર સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો 'उत्तिष्ठत । जाग्रत ।' તેમનો ઉપદેશ આપણે ઝીલીએ : ''આપણું અવતરણ...સ્વયં સંપૂર્ણ થઈને બીજાને સંપૂર્ણતાનો સંદેશ દેવા માટે છે.''

**–'વિભૂતિ'**

'જ્ઞાની એ દેહ કે શરીર નથી તેથી દેહત્યાગ કર્યા પછી પણ તે (તેનો આત્મા) એટલો જ કલ્યાણકારક હોઈ શકે.'

**–શ્રી રમણ મહર્ષિ**

## ॥ શરીરની ક્ષુદ્રતા-આત્માની અમરતા ॥

ભગવાને અર્જુનને શરીરની ક્ષુદ્રતા ને આત્માની અમરતાનો ઉપદેશ પણ આપ્યો છે. ભગવાન કહે છે કે, ‘હે અર્જુન, વિચાર તો કર કે તું શોક કોનો કરી રહ્યો છે ! શરીર તો નાશવંત છે જ. વહેલો કે મોડો તેનો નાશ નક્કી છે. નામ તેનો નાશ એ વાત શરીરના સંબંધમાં સારી પેઠે જાણીતી છે. મૃત્યુ તો શરીરનો સ્વભાવ છે, તેનો વળી શોક કેવો ? ને જેને માણસ પોતાના સ્વજન ને સ્નેહી સમજે છે તે ખરેખર તેનાં સ્નેહી-સ્વજન છે કે ? જ્યાં સુધી આંખ ઉઘાડી છે ત્યાં સુધી જ તે બધા સંબંધો છે. આ જીવન જ કંઈ એક માત્ર જીવન નથી જીવન તો અનંત છે. જુદા જુદા જીવનમાં જુદા જુદા સંબંધો તૈયાર કરે છે. તેમાંથી તેનું સાચું સ્વજન કોણ છે ? મમતા ને મોહની ગાંઠથી તે બંધાયેલો છે. તે ગાંઠને તોડી નાંખતાં તેને તરત સમજાશે કે આ સંસારમાં તેનું પોતાનું એક ઈશ્વર વિના બીજું કોઈ જ નથી. તે ઈશ્વરમાં મમતા કરવી એમાં જ ડહાપણ રહેલું છે, જે માણસના સાચા સ્નેહી ને સહૃદય છે; જે માણસનું સર્વપ્રકારે મંગળ કરવા સમર્થ છે. ને આત્મા તો અવિનાશી છે માટે તેનો શોક કરવામાં મૂર્ખતા રહેલી છે. આત્મા અમર છે તેને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી ને પાણી પલાળી શકતું નથી. મૃત્યુનું શાસન બધા જ પદાર્થો પર ચાલે છે. પણ આત્મા તે શાસનથી સ્વતંત્ર છે. મૃત્યુની છાયા બધે જ પથરાયેલી છે પણ અવિનાશી એવો આત્મા તે છાયાથી પર છે. ગીતાનો આ



મહત્ત્વનો સંદેશ છે. તે સંદેશને સમજી લેનાર માણસ પણ પોતાના કે બીજાના મૃત્યુનો શોક કરતો નથી. માણસ મરી ગયો એમ કહેવામાં આવે છે. પણ કોણ મરી ગયું એનો વિચાર તો કરો. શરીર જ મર્યું છે. શરીરની અંદરનો હંસલો ઊડી ગયો છે. તે હંસ જેવા આત્માને તો જનમવાનું નથી ને મરવાનું પણ નથી. એટલે માણસ મરી ગયો એમ કહેવા કરતાં માણસનું શરીર છૂટી ગયું, અથવા તે ભગવાનના ધામમાં ગયો એમ કહેવું જોઈએ.’

આ આત્મા જ માણસનું મૂળ સ્વરૂપ છે. પણ અજ્ઞાનવશ થઈને માણસ આ સાડાત્રણ હાથના પંચમહાભૂતના પૂતળાને પોતાનું સ્વરૂપ સમજી બેઠો છે. શરીરને આપવું જોઈએ તેથી વધારે મહત્ત્વ આપીને શરીરના લાલનપાલનમાં તે રત રહે છે. શરીર તો સાધન છે, ગંદકીનું ઘર છે, તેની અંદર આત્માનો પ્રકાશ પથરાયેલો છે તેથી તે કામકાજ કરે છે, ને જડ હોવા છતાં ચેતનમય માલુમ પડે છે. પણ તેનું ચેતન ક્યાં સુધી ટકી શકે છે ? તેની અંદર આત્માની સત્તા રહે છે ત્યાં સુધી જ. આત્માનો પ્રકાશ દૂર થાય એટલે તેની દશા કફોડી થઈ જાય. પછી તો તે કોઈ પ્રકારની ક્રિયા કરી શકતું નથી, વખત જતાં ગંધાવા માંડે છે, ને તેનો વેળાસર નિકાલ કરી નાંખવો પડે છે. આ પ્રમાણે તે માણસનું મૂળ સ્વરૂપ નથી. છતાં સંસારમાં એવા કેટલાય માણસો છે જે પોતાને શરીર પૂરતા જ મર્યાદિત માને છે, ને શરીરના લાલનપાલનમાં રત રહીને શરીરનો ગર્વ પણ ધારણ કરે છે. આપણે એમ નથી કહેતા કે શરીરની સંભાળ ના રાખવી, ને તે ગંદકીનું ઘર છે માટે તેને સ્વચ્છ અને સુશોભિત

પણ ના કરવું. અંદરની ગંદકીને દૂર કરવાની માણસની શક્તિ નથી, પણ જેટલી ગંદકીનો નિકાલ કરી શકાય તેટલી ગંદકીનો નિકાલ તો તેણે કરવો જ જોઈએ, શરીરને સ્વચ્છ રાખવું જોઈએ. આ દેશ સંસ્કૃતિનો સ્વામી છે, આ દેશની પ્રજા ધર્મપરાયણ છે. ધર્મ ને ઈશ્વર માટે ગૌરવ લેનારા માણસો આ દેશમાં બીજા કોઈપણ દેશ કરતાં વધારે પ્રમાણમાં વસે છે. શરીરની સાધારણતા ને આત્માની અમરતાનાં ગૌરવગીતો આ દેશમાં ઓછાં નથી ગવાયાં. ધર્મની કિંમત શરીર કરતાં અનેકગણી વધારે છે, તે સમજીને જરૂર પડ્યે ધર્મને માટે શરીરનું બલિદાન દેવા તૈયાર થનારાં હજારો સ્ત્રીપુરુષો આ દેશમાં થાય છે. એટલે આ મહાન દેશની મહાન પ્રજાને શરીરની સાધારણતા ને આત્માની અમરતાનો સંદેશો કાંઈ નવેસરથી આપવાની જરૂર નથી. પરંતુ આ સંદેશને ઝીલવાની ને જીવનમાં ઉતારવાની જરૂર આ દેશની પ્રજા માટે ને બીજી બધી પ્રજા માટે હજી ઊભી જ છે. એટલે તે સંદેશને યાદ કરવાની જરૂર છે. આ દેશની પ્રજા હજી શરીરના આકર્ષણ, મોહ ને વિલાસમાંથી ઊંચે આવી નથી એ વાત કડવી ને દુઃખદ છતાં દીવા જેવી ચોખ્ખી છે.

શરીરની મમતા ને શરીરના અધ્યાયમાં સાધારણ માણસો જ ફસાયેલા છે એમ નથી. જે લોકો પોતાને વિદ્વાન, પંડિત ને નેતા જેવા કહેવડાવે છે, ને જે સમાજમાં મોટા થઈને ફરે છે ને ઉપદેશ આપે છે, તે પણ તેમાં ડૂબેલા છે. મોટી ઉંમરના માણસો તો અનેક જાતના અનુભવ કરીને ઘડાઈ ગયા હોય, છતાં આ



બાબતમાં ઉંમર પણ અપવાદરૂપ નથી. મોટી ઉંમરના માણસોમાં પણ શરીરની મમતા ને અહંતા દેખાઈ આવે છે. જેને સદ્ગુરુનો ઉપદેશ મળ્યો હોય, તે માણસ કચરાની પેટી જેવા આ નાશવંત શરીરમાં પ્રીતિ કે મમતા કરતો નથી. તે તો શરીર ને આત્માને અલગ જાણે છે. તેથી આત્માનંદમાં મગ્ન રહે છે, ને શરીરના અધ્યાયથી છૂટી જાય છે.

શરીરના આકર્ષણ ને મોહમાંથી જેણે મુક્તિ મેળવી નથી, તેને સાચા અર્થમાં પંડિત, જ્ઞાની કે તત્ત્વવેત્તા કહી ના શકાય, એવો ગીતામાતાનો નમ્ર અભિપ્રાય છે, ને તે અભિપ્રાયની તરફ દુર્લક્ષ કરવાનું બરાબર નથી. શરીરના આકર્ષણથી પ્રેરાઈને કેટલાક વયોવૃદ્ધ જ્ઞાનીઓ પણ પ્રભુતામાં પગલાં માંડે છે. તેનું મૂળ કારણ તેની વિષયાસક્તિ ને શરીરના ભોગોની ભૂખ જ છે. પોતાને જ્ઞાની માનતા ને મનાવતા માણસો માટે આ વસ્તુ શરમજનક છે.

આત્માના પ્રકાશનો પરિચય માણસે કેળવ્યો નથી, ને પોતે શરીર છે એવું જ્ઞાન તેણે દૃઢ કર્યું છે, તેથી જ તે મૃત્યુથી ડરે છે, વ્યાધિ ને વૃદ્ધાવસ્થાથી કંપે છે, ને શરીરની સગવડો ને યાતનાઓનો વિચાર કરીને પોતાના સાચા સિદ્ધાંત કેટલીકવાર પડતા મૂકે છે.

**–શ્રી યોગેશ્વરજી**

'શરીર સાથે એકાત્મકતા અનુભવવી અને સુખ શોધવું એટલે મગરમચ્છની પીઠ પર બેસીને નદી પાર કરવાનો પ્રયત્ન કરવો.'

## ॥ જીવ ને શિવ : બે પક્ષીની સાથે સરખામણી ॥

આ રેખાચિત્ર ત્રીજા મુંડકના પહેલા ખંડમાં આવે છે. તેની શરૂઆતમાં જ ત્રણ શ્લોકોમાં ઋષિએ જે કહેવાનું છે તે તદ્દન અસરકારક રીતે કહી દીધું છે. તે શ્લોકોની ભાષા બહુ સુંદર, સાદી છતાં સુમધુર ને ભાવવાહી છે. ઉપનિષદોમાં જે કેટલાક મનને ગમી જાય ને હૈયે વસી જાય તેવા ભાષા, રચના ને ભાવની દૃષ્ટિએ સુંદર શ્લોકો છે તેમાં એ શ્લોકોનું સ્થાન અત્યંત આગળ પડતું ને અગત્યનું છે. માટે તે વાચકો ને વિદ્વાનોમાં ખૂબ જ પ્રિય થઈ પડ્યા છે.

કેટલાક લોકોના ભાષાસંબંધી વિચારો બહુ વિચિત્ર હોય છે. તે લોકો ધર્મ ને તત્ત્વજ્ઞાન તથા શિષ્ટ કોટિના સાહિત્ય માટે પ્રમાણમાં અઘરી ને ન સમજાય તેવી ભાષાને પસંદ કરે છે, ને તેની ભાષા તેવી જ હોય તેમ માને-મનાવે છે; પરંતુ ખરેખર તેવું નથી. સાચો લેખક ને સાહિત્યકાર એ જ છે જેની કલમ સરળતાથી ચાલ્યા કરે છે, ને જેના વિચાર ગંગાના નિર્મળ પ્રવાહની પેઠે સર્વસુલભ સ્વરૂપે વહ્યા કરે છે. તે પોતે ભાવની મહાન ને ગૂઢમાં ગૂઢ અનુભૂતિ કરતો હોય છે. પરંતુ તે ભાવને સહેલામાં સહેલી શબ્દાવલિમાં વ્યક્ત કરે છે-તેવી અભિવ્યક્તિ તેને માટે સહજ ને સ્વભાવસિદ્ધ હોય છે; તેવી કળામાં તે કુશળ હોય છે ને તેમાં જ તેની મહાનતા છે.

ધર્મ, તત્ત્વજ્ઞાન ને ઊંચા સાહિત્યનો પ્રકાશ જનતાના સર્વસાધારણ સ્તર સુધી પહોંચાડવાનો હોય તો સાહિત્યકારે જે



કહેવાનું હોય તે બને તેટલી વધારે સરળ ને સચોટ ભાષામાં કહેતાં શીખવાની જરૂર છે. સહેલી ભાષાની સૂગ સેવવી નકામી છે. સરળતાથી વિચારોને વ્યક્ત કરવાની કળા પ્રયત્નસાધ્ય છે, ને લાંબા વખતના એકધારા અભ્યાસથી સિદ્ધ થઈ શકે છે.

ઋષિએ અહીં અત્યંત સરળ ભાષામાં જે કહેવાનું છે તે ખૂબ ભાવમય રીતે રજૂ કર્યું છે. તે કહે છે કે શરીરરૂપી વૃક્ષમાં જીવાત્મા ને પરમાત્મારૂપી બે પક્ષી બેઠેલાં છે. તે જોડિયા મિત્રો જેવાં છે. વૃક્ષની બે ડાળી પર તે બેઠાં છે. તેમાં જે નર પક્ષી (જીવ) છે તે કર્મનું સુમધુર ફળ ખાધા કરે છે. સારા મીઠા ફળના સ્વાદથી તે હરખાય છે, ગેલમાં આવી જાય છે, ને ખાટું કે અધકચરું ફળ ચાખીને દુઃખી થાય છે. એ પ્રમાણે તેની પ્રવૃત્તિ ચાલ્યા કરે છે. પોતાની અસ્થિરતા ને અશાંતિથી તે બેચેન બની જાય છે. તે વખતે તેની નજર પોતાની તદ્દન પાસે છતાં જરા ઉપર ને દૂર બેઠેલા પોતાના જ જેવા બીજા પક્ષી પરમાત્મા પર પડે છે. તેને જોઈને તેને નવાઈ લાગે છે, કેમકે તે તદ્દન શાંત ને સ્થિર છે. હર્ષ ને શોકના ઝૂલામાં ઝૂલવાનું તેને માટે બાકી નથી રહ્યું. ત્યારે તે પક્ષી જીવાત્માને ભાન થાય છે કે સમસ્ત વૃક્ષ એ પરમાત્માને આધારે જ ટકી ને વિકસી રહ્યું છે, ને તે પરમાત્માની જેમ પોતાની અંદર તન્મય થવાથી જ શાંતિ મળી શકે છે. બહારનાં કર્મો ને તેનાં ફળોમાંથી મનને ઉપરામ કરી દઈ તે પરમાત્માને જાણવાથી ને તેના મહિમામાં મગ્ન બની તેની સાથે એકતા સ્થાપિત કરવાથી જ શોકથી છૂટી શકાય છે, ને પરમાનંદના ભાગી થવાય છે. આવું જ્ઞાન થવાથી તેની બધી જ

ભ્રમણા ભાંગી જાય છે, ને પરમાત્મા સાથે એકતાનો અનુભવ કરીને તે પરમ શાંતિનો સ્વામી બને છે.

આ નાની વાતમાં માનવજીવનનો સર્વસાધારણ સાર સમાઈ જાય છે. માણસ પણ આ સંસારમાં અનેક પ્રકારનાં કર્મ કરે છે, ને પછી પોતે જ ખેડેલા ને વાવેલા જીવનખેતરનો પાક ચાખે છે. કોઈ વાર સારું તો કોઈ વાર ખરાબ ફળ તેને ભાગે આવે છે, ને તેથી દર્શી ગુરુને જુએ છે, ને આ જ સંસારમાં તેમણે જે મહત્તા મેળવી છે તેનો વિચાર કરીને ગુરુની મદદથી મંગલમય બની બધી જાતનાં દુઃખ ને બંધનમાંથી મુક્તિ મેળવે છે.

સ્વભાવની શુદ્ધિ સાધવામાં આવે એટલી જ વાર છે; મન, વચન ને વર્તનમાં આમૂલ પરિવર્તન કરવામાં આવે એટલી જ વાર છે; પ્રેમ, ભક્તિ, જ્ઞાન કે ધ્યાનનો આધાર લઈને, પોતાની અંદર ને બહાર બધે રહેલા પરમાત્માને ઓળખવામાં આવે એટલી જ વાર છે; જીવને શિવસ્વરૂપ થવાને એટલી જ વાર છે. એવું નથી કે જીવનની કાયાપલટ કે સ્વભાવનો સુધાર કરીને પરમાત્માને ઓળખ્યા પછી તેવો સુધાર નિરર્થક થઈ પડે છે. સ્વભાવશુદ્ધિ સાધક-દશા ને સિદ્ધાવસ્થા બન્નેમાં ચાલુ રહે છે. ફેર એટલો કે સાધક-દશામાં તે જરા પ્રયત્નસાધ્ય હોય છે; પરંતુ સિદ્ધાવસ્થાએ પહોંચ્યા પછી તે તદ્દન સહજ થઈ પડે છે. સ્વભાવની ઉત્તરોત્તર શુદ્ધિ કરવામાં આવે તો પોતાની અંદર રહેલો પરમાત્માનો પ્રકાશ આપોઆપ અનુભવાય છે : સાધકને શિવસ્વરૂપ પરમાત્મા સાથે એક થતાં પછી વાર નથી લાગતી. એક પદમાં આ ભાવને એક જ્ઞાની ભક્તે બહુ સારી રીતે સમાવી



લીધો છે. તે કહે છે કે હે જીવ, તને શિવ થતાં વાર શેની છે ?

**શિવ થતાં શી વાર છે, જીવ, તને**
**શિવ થતાં શી વાર છે ?**
**હું-મારું તજવું ને પ્રભુ પ્રભુ ભજવું,**
**જૂઠો સકળ સંસાર છે. -જીવ, તને.**
**વૈરાગ્ય રાખવો ને બ્રહ્મરસ ચાખવો,**
**રહેવું પરાની પાર છે;**
**સાર અસાર વિચાર કરી લેવો,**
**એમાં શું મોટો ભાર છે ? -જીવ, તને.**
**સત્ ચિત્ આનંદ જોવો સરવમાં.**
**જડ દુઃખ મિથ્યા માર છે**
**સહજ ઉપાય પણ રહેવું સીધા,**
**માર્ગ ખાંડાની ધાર છે-જીવ તને.**
**નિજ સ્વરૂપ માની નિર્ભય થવું**
**ત્યાંથી તે કોણ કાઢનાર છે ?**
**'કરક' રહેવું બેધડક થઈને,**
**શિવ સહુનો સરદાર છે -જીવ, તને.**

**–શ્રી યોગેશ્વરજી**

'ઈશ્વર જો ઘટઘટમાં વ્યાપેલી હોય તો એને કોઈ સ્થળ કે સમયમાં મર્યાદિત કેમ કરી શકાય ? આપણે કોઈપણ પદાર્થને ઈશ્વરથી અતિરિક્ત કે પૃથક્ જોઈ શકીએ નહિ.'

# ॥ યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ ॥

હિમાલયની આ ભૂમિ સાધનાની યજ્ઞભૂમિ છે. ને તેમાં બેસીને આપણે આ એક જાતનો યજ્ઞ જ કરી રહ્યા છીએ. એ ખોટું નથી. લોક અનેક જાતના યજ્ઞો કરે છે. પણ આ યજ્ઞ જરા જુદી જાતનો છે. ગીતા જેને જ્ઞાનયજ્ઞ કહે છે તે યજ્ઞ આપણે કરી રહ્યા છીએ તેવો જ્ઞાનયજ્ઞ બીજી જાતના યજ્ઞોથી ઉત્તમ છે એમ ગીતાનું કહેવું છે. ઉત્તમતાની વાતને બાજુ પર મૂકીએ તો પણ એટલું તો અવશ્ય કહી શકાય કે તે વધારેમાં વધારે લાભકારક છે, ને માનવમન ને માનવજીવનની આમૂલ ક્રાંતિ કરવાની તેનામાં શક્તિ હોઈ, તેનો લાભ વધારે ને વધારે પ્રમાણમાં લેવા જેવો છે. એવા યજ્ઞમાં કોડીનો પણ ખર્ચ કરવાની જરૂર નથી પડતી એ એની વિશેષતા છે. વિચારોની દરિદ્રતા દૂર થાય, સ્વતંત્ર રીતે વિચારવાની શક્તિ વધે, ને જીવનને સામગ્રીની પ્રાપ્તિ થાય તે માટે એવા યજ્ઞો ઠેર ઠેર થાય ને પુષ્કળ પ્રમાણમાં થાય તે જરૂરી છે. ઉત્તમ વિચાર ભાવ કે ઉત્તમ કોટિનું જ્ઞાન એક મોટી થાપણ બરાબર છે : તેનાથી જ જીવન સંવાદી, સુખી અને સમૃદ્ધ બને છે ને શાંતિ મેળવે છે એ સાચું છે.

કોઈ કોઈ જ્ઞાની મહાપુરુષોની મુલાકાત લઈએ છીએ ત્યારે તે આપણને વાતવાતમાં કહે છે કે ભાઈઓ, તમે પરમાત્માસ્વરૂપ છો. શરીર તો તમારું કપડું, આચ્છાદન કે ઢાંકણ છે. તેનો જન્મ થયો તે પહેલાં પણ તમે આત્મારૂપે હતા ને તે છૂટી જશે તે પછી પણ તમે તો રહેવાના જ છો. શરીર તો ઘર છે. તમે તેમા રહેનારા કામચલાઉ ભાડુત છો. માટે તમે ઘર છો એમ ના માની લેતા. શરીર સમાપ્ત થયું એટલે તમે પણ



સમાપ્તિએ પહોંચી ગયા એમ ના સમજી લેતા. તમે શરીરથી જુદા છો : આનંદસ્વરૂપ છો. શાંતિના સાગર જેવા છો : અમૃતમય ને અભેદરૂપ તથા જ્ઞાનરૂપ છો. બંધન તમને હતાં નહિ, છે નહિ, ને કદી પણ બાંધી શકવાનાં યે છે નહિ. કોઈવાર જ્ઞાનના ગ્રંથોની મુલાકાત લઈએ છીએ ત્યારે આપણા મૂળભૂત અથવા અસલ સ્વરૂપને સમજાવતાં તે પણ તેવી જ જાતની ફિલસૂફી રજૂ કરે છે. તે વખતે આપણામાંના ઘણાને નવાઈ લાગે છે, તો કેટલાકને તે બધું ટાઢા પહોરના ગપ્પાંના જેવું કે શેખચલ્લીની વાતો જેવું પણ લાગે છે. કોઈ કોઈ વિવિધ કે વિચારશીલ માણસો એથી આગળ વધીને એ બધી વાતો સમજી શકે છે ખરા પણ વાસ્તવિક રીતે જીવનમાં અનુભવી શકતા નથી. ને તેથી તેવી વાતોને જાણવા, માનવા કે સમજવા છતાં તેમાં તેમની પરિપૂર્ણ શ્રદ્ધા નથી થઈ શકતી.

શાસ્ત્રો ને સંતો એવી રીતે ઉપદેશ આપે છે ને સમજાવે છે તે છતાં આ જગત પરના નક્કર ને વાસ્તવિક જીવનમાં માણસ જે અનુભવે છે તે વધારે ભાગે એથી ઉલટું જ હોય છે. ને તેથી જ તેને તેવા જ્ઞાનની સામે શંકા થાય છે, અથવા શંકા ના થાય તો પણ તેવા જ્ઞાનનો અનુભવ અશક્ય જેવો થઈ પડવાથી તેમાં તેની જોઈએ તેવી ને તેટલી શ્રદ્ધા નથી થતી, ને વધારે ભાગે તે જ્ઞાન સાંભળ્યા કરવાનું ને બોલી બતાવવાનું કે વાદવિવાદ કરવાનું જ ઘરેડિયું સાધન બની જાય છે. વાસ્તવિક જીવનમાં માણસની દશા કે ભૂમિકા કેવી છે ? શાસ્ત્રો ને સંતો તેને મુક્ત ને કાયમને માટે મુક્ત કહી બતાવે છે પણ તેનાં નાનાં ને મોટાં બંધનોનો પાર નથી. આકાશના તારા જેટલાં અનંત ને સાગરના તરંગ જેમ અગણિત છે, તેમ તેના ક્લેશ પણ અનંત ને

અગણિત છે એમ કહીએ તો કાંઈ ખોટું નથી. શાસ્ત્રો ને સંતોની પાસેથી તે સાંભળે છે કે પોતે પરમ શાંતિની મૂર્તિ છે. પરંતુ સંસારના રંગમંચ પર જીવનના જટિલ અભિનયમાં શાંતિ ને સુખનો અનુભવ કરવાને બદલે તે વધારે ભાગે અશાંતિ ને દુઃખનો જ અનુભવ કરતો હોય છે. પ્રેમને બદલે વેર, દ્વેષ કે ધિક્કાર ને અભેદને બદલે ભેદભાવમાં જ તે વધારે રમતો હોય છે. મૂળ સ્વરૂપે તે મૃત્યુંજય કે અમર છે એમ તેને કહેવામાં આવે છે તોપણ, મૃત્યુના વિચારથી તે કંપે છે, ક્લેશ પામે છે, ને ભયગ્રસ્ત બને છે. બીજા પણ કેટલીય જાતના ભય તેને સતાવે છે. પરમાત્મા વિના બીજું કાંઈ જ નથી ને તે પણ તે પરમાત્માનું જ રૂપ છે એમ એને કહેવામાં આવે છે, ને તે સાંભળીને તેને આનંદ પણ થાય છે, પરંતુ હકીકત એ હોય છે કે પરમાત્મા સિવાય તેને બીજું બધું જ દેખાય છે ને પરમાત્મા સાથેની એકતાનો અનુભવ એને માટે આકાશકુસમ જેવો અશક્ય થઈ પડે છે. પરમાત્માનાં દર્શન ને પરમાત્માની સાથેની એકતાના અનુભવ માટે એ કોઈવાર પ્રયાસ કરવા પ્રેરાય છે ને પ્રયાસ કરે છે પણ ખરો. પણ તેવો પ્રયાસ તેના જીવનકાળમાં ભાગ્યે જ સફલ થાય છે. શાસ્ત્રો ને સંતો તેને સ્થિરતાની મૂર્તિ કહે છે. પણ તેની અસ્થિરતાનો પાર નથી. જીવનમાં ડગલે ને પગલે ઉપાધિ, વિટંબણા, ચંચળતા ને અસ્થિરતાનો અનુભવ એને કરવો પડે છે.

વિવેકી પુરુષો કહે છે કે એ દશાનો ઉલ્લેખ સાચો છે પરંતુ એ દશા મૂળ નથી ને કાયમ પણ નથી. માનવની મૂળ પ્રકૃતિની એ તો એક વિકૃતિ છે ને તેને દૂર કરીને તે તેની મૂળ પ્રકૃતિમાં પ્રતિષ્ઠિત થઈને શાસ્ત્રો ને સંતો કહે છે તેવો થઈ શકે છે અથવા



તો એવો અનુભવ કરી શકે છે. રાજા પોતાના પદ પરથી કોઈ કારણે ભ્રષ્ટ થયો હોય ને પોતાના અસલી અધિકારોથી વંચિત હોય તેવી તેની દશા છે. એ દશાને પલટાવી શકાય છે અથવા એમ કહો કે તેમાં સુધારો કરી શકાય છે. તેને માટે પહેલી ધગશ કે લગની ને તીવ્રાતિતીવ્ર ઇચ્છા હોવી જોઈએ. તેવી તીવ્ર ઇચ્છા કેટલાય વિવેકી પુરુષોને થયેલી છે. વર્તમાન પરિસ્થિતિમાં પરિવર્તન કરીને ઉચ્ચતર ને ઉચ્ચતમ અવસ્થામાં આસીત થવાની એવી જ તીવ્ર ઇચ્છાનો નોંધપાત્ર પડઘો શ્રીમદ્ રાજચંદ્રના પદની નીચેની પંક્તિમાં બહુ સુંદર ને અસરકારક રીતે પડેલો છે-

**“અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,**
**ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?**
**સર્વ સંબંધનું બંધન તીક્ષણ ભેદીને,**
**વિચરીશું કવ મહત્પુરુષને પંથ જો ?”**

અને એ પછી

**“પંચ વિષયમાં રાગદ્વેષવિરહિતતા,**
**પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;**
**દ્રવ્ય, ક્ષેત્ર ને કામ ભાવ પ્રતિબંધ વણ**
**વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો.**
**શત્રુમિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,**
**માનઅમાને વર્તે તે જ સ્વભાવ જો;**
**જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,**
**ભવ મોક્ષે પણ વર્તે શુદ્ધ સ્વભાવ જો.**
**મોહ સ્વયંભૂમિણ સમુદ્ર તરી કરી,**

**સ્થિતિ ત્યાં ક્ષીણ-મોહ-ગુણ સ્થાન જો;**
**અંત સમય સ્વરૂપ વિતરાગ થઈ,**
**પ્રગટાવવું નિજ કેવલજ્ઞાન નિધાન જો.''**

વિકાસના ઉચ્ચ અવસ્થાના અનુભવ માટે એવી દૃઢ ઈચ્છાને તીવ્ર લગની જોઈએ પરંતુ તે હોય તોપણ તેટલાથી જ કાંઈ એવી અવસ્થાનો અનુભવ થઈ જાય છે ખરો કે ? તે માટે તો તે ઉપરાંત, કોઈ અનુભવી મહાપુરુષનું માર્ગદર્શન ને તેને વફાદાર રહીને કરાયેલી નિયમિત, સતત ને ઉત્સાહપૂર્વકની સાધના પણ જોઈએ. તેવી સાધનાની મદદથી પોતાની વર્તમાન પ્રકૃતિનો સુધાર કરીને માણસ પોતાના શુદ્ધ, બુદ્ધ ને મુક્ત સ્વરૂપનો અનુભવ કરી શકે. પરમાત્માને પણ જાણે, મેળવે અથવા અનુભવે. એ રીતે તે શાસ્ત્રો ને સંતો કહે છે તેવા તેના સ્વરૂપમાં ફરી પ્રતિષ્ઠિત થઈ શકે. તેનું નામ જ યોગ કે મેળાપ. વિરહની દશામાંથી માણસ મિલનની દશામાં આવે અને જીવનો શિવની સાથે હસ્તમેળાપ થાય. તેને પરિણામે તેને ખોવાયેલી સંપત્તિ ફરી મળે. તે ફરી પરમ શાંતિ, પરમાનંદ ને અભેદને અનુભવી શકે. તેવી દશાને ને તે માટેની સાધનાને યોગ કહેવામાં આવે છે. યોગ એટલે ટૂંકમાં પોતાના મૂળ સ્વરૂપનો અનુભવ અથવા પરમાત્માનો મેળાપ.

મહર્ષિ પતંજલિ એ બધી સારવાતને એક નાના સરખા સૂત્રમાં સમાવી લે છે ને તે જ વાતને જરા જુદી રીતે કહે છે કે યોગ એટલે ચિત્તની વૃત્તિનો નિરોધ योगश्चितवृत्ति निरोधः ।

**–શ્રી યોગેશ્વરજી**



# ॥ ભીષ્મની અગ્નિપરીક્ષા ॥

પ્રતિજ્ઞા લેવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી હોતું. કાંઈક અંશે કઠિન કહી શકાય તેવું હોય છે. પરંતુ એના કરતાં વધારે કઠિન હોય છે પ્રતિજ્ઞા-પાલન. એ વધારે મજબૂત મનોબળ માગી લે છે. સામાન્ય મનોબળવાળા માનવો કોઈ કારણે પ્રતિજ્ઞા લે છે ખરા, પરંતુ સઘળા સંજોગોમાં પાળી શકતા નથી. સંજોગો સાનુકૂળ હોય ત્યારે પ્રતિજ્ઞાના પાલનમાં ખાસ મુશ્કેલી ના પડે પરંતુ પરિસ્થિતિ પ્રતિકૂળ બનતાં મુશ્કેલી અનુભવાય અને પ્રતિજ્ઞાપાલનને છોડી દેવાય અથવા છોડી દેવાનો વિચાર સેવાય તો તે પ્રતિજ્ઞાપાલન સાચું તથા સંપૂર્ણ ના કહેવાય. લીધેલી કે કરાયેલી પ્રતિજ્ઞાને ગમે તેવા સંજોગોમાં પણ પાળવામાં કે વળગી રહેવામાં આવે એ અત્યંત આવશ્યક હોય છે અને અધિક મનોબળ માગી લે છે. એવું પ્રતિજ્ઞાપાલન દેશકાળની અસરોથી અબાધિત રહે છે ને સત્ય તેમજ સંપૂર્ણ કહેવાય છે.

ભીષ્મનું પ્રતિજ્ઞાપાલન મહાભારતમાં વર્ણવ્યા પ્રમાણે સંપૂર્ણ ને સાચું હતું. એ સઘળા સંજોગોમાં અખંડ રહ્યું.

એ આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થયું તોપણ એને કોઈ પ્રકારની આંચ ના આવી.એ પ્રલોભનની પ્રદીપ્ત પાવકજ્વાળામાં પડીને પણ પ્રાણવાન રહ્યું ને વધારે પ્રબળ ઠર્યું.

એનું અવલોકન રસપ્રદ, પ્રસન્નતાદાયક, પ્રેરક થઈ પડશે.

રાજા શાંતનુએ સત્યવતી સાથે લગ્ન કર્યું. એ લગ્નના પરિણામસ્વરૂપે બુદ્ધિમાન વીર્યમાન પુરુષશ્રેષ્ઠ ચિત્રાંગદનો જન્મ થયો. એ પછી વિચિત્રવીર્ય નામે બીજો પુત્ર જન્મ્યો. એ પુત્ર યુવાવસ્થામાં પ્રવેશ્યો તે પહેલાં જ શાંતનુનો સ્વર્ગવાસ થયો.

શાંતનુના સ્વર્ગવાસ પછી પોતાની પ્રતિજ્ઞાના પૂર્વાર્ધને અનુસરીને સત્યવતીની સંમતિથી ભીષ્મે ચિત્રાંગદનો રાજ્યાભિષેક કર્યો.

પરંતુ ચિત્રાંગદના લલાટમાં લાંબા વખતનું રાજ્યસુખ નહોતું લખાયેલું. ચિત્રાંગદે પોતાના અતુલિત બળપરાક્રમના પ્રભાવથી અસંખ્ય રાજાઓને જીતી લીધા. એની ઉપર મહાબળવાન ગંધર્વરાજે આક્રમણ કર્યું. એની સાથે એનું કુરુક્ષેત્રમાં સુપ્રસિદ્ધ સરસ્વતીનદીના તટપ્રદેશ પર ત્રણ વરસ સુધી મહાભયંકર યુદ્ધ થયું. એના પરિણામે ચિત્રાંગદનું મૃત્યુ થવાથી શાંતનુપુત્ર ભીષ્મે એની ઉત્તરક્રિયા કરાવીને યૌવનના પ્રાંગણમાં પ્રવેશેલા વિચિત્રવીર્યનો રાજ્યાભિષેક કર્યો.

વિચિત્રવીર્યે ધર્મ અને શાસ્ત્રપરંપરાની પ્રસ્થાપિત મર્યાદામાં રહીને, ભીષ્મે સૂચવ્યા પ્રમાણે રાજ્ય કરવા માંડ્યું.

વિચિત્રવીર્ય વિવાહલાયક વયનો થતાં ભીષ્મે સત્યવતીની સલાહ પ્રમાણે એના વિવાહ માટે વિચાર કર્યો. એમણે સાંભળ્યું કે કાશીરાજની અપ્સરાસમી આકર્ષક અને સુંદર ત્રણ કન્યાઓ પતિની પસંદગીની ઇચ્છાથી પ્રેરાઈને એકસાથે સ્વયંવર કરવાની છે. એવી માહિતી મેળવીને રથિશ્રેષ્ઠ ભીષ્મે માતા સત્યવતીની અનુમતિ લઈને રથમાં વિરાજીને વારાણસી તરફ પ્રયાણ કર્યું.

સ્વયંવરમાં પ્રસ્થાપિત પરંપરાગત પરંપરા પ્રમાણે સઘળા સમુપસ્થિત રાજાઓનાં નામકીર્તન કરવામાં આવ્યાં. ત્યારે કાશીરાજની ત્રણે પરમ સુંદર કન્યાઓ ભીષ્મને નિહાળીને, એમને વૃદ્ધ જાણીને ઉદ્વેગપૂર્વક આગળ ચાલી. એ જોઈને સ્વયંવરમાં સમુપસ્થિત બીજા રાજાઓ કહેવા લાગ્યા કે પરમ ધર્માત્મા મનાતો, વૃદ્ધ, કરચલી તથા પળિયાંવાળો આ નિર્લજ્જ



ભીષ્મ અહીં શા માટે આવ્યો હશે ? એ બ્રહ્મચારી ભીષ્મ તરીકે પૃથ્વીમાં મિથ્યા પંકાય છે. તે પોતાની પ્રતિજ્ઞામાંથી ચ્યુત બનીને લોકોને શો ઉત્તર આપશે ?

એમનાં વ્યંગપૂર્ણ વચનોને સાંભળીને ભીષ્મના ક્રોધનો પાર ના રહ્યો.

સમર્થ ભીષ્મે એ ત્રણે કન્યાઓને લઈને પોતાના રથમાં બેસાડી દીધી અને મેઘસદૃશ ઘોર-ગંભીર અવાજથી જાહેર કર્યું કે રાજાઓ સ્વયંવરને વખાણે છે ને સત્કારે છે પરંતુ ધર્મવાદીઓ બળપૂર્વક હરવામાં આવેલી કન્યા સાથેના લગ્નને ઉત્તમ માને છે, તેથી હું આ કન્યાઓને બળપૂર્વક હરી જઉં છું. તમે તમારા વિજય કે પરાજય માટે પ્રયત્ન કરો. હું યુદ્ધ માટે તૈયાર થઈને ઊભો છું.

એવી રીતે રાજાઓને યુદ્ધ માટે આમંત્રીને ભીષ્મ કન્યાઓ સાથે સત્વર ચાલી નીકળ્યા.

રાજાઓ ક્રોધે ભરાયા. તે અનેક રાજાઓ અને ભીષ્મની વચ્ચે ખૂબ જ રોમાંચક ઘોર યુદ્ધ શરૂ થયું. રાજાઓએ ભીષ્મની ઉપર એકસામટાં દશ હજાર બાણો છોડ્યાં, પણ તે સર્વ બાણો આવી પહોંચે તે પહેલાં જ ભીષ્મે વાળને પણ વીંધે એવી મહાન બાણવૃષ્ટિ કરીને તેમને ભાંગી નાખ્યાં. તે સર્વે રાજાઓ ભીષ્મને ચારે તરફથી ઘેરી વળ્યા ને બાણની ઝડી વરસાવવા લાગ્યા. જાણે કે વાદળાં પર્વત ઉપર વૃષ્ટિ કરી રહ્યાં. ભીષ્મે પોતાનાં બાણોથી બાણવર્ષાને રોકી દીધી અને ત્રણ-ત્રણ બાણોથી દરેક રાજાને વીંધી નાખ્યો. તે વખતે એકેક રાજાએ ભીષ્મને પાંચ-પાંચ બાણોથી ઘાયલ કર્યા. ભીષ્મે વળતાં બબ્બે બાણો મારીને તે પરાક્રમીઓને વીંધી નાખ્યા. એવી રીતે બાણ અને શક્તિઓથી

ભરેલું તે યુદ્ધ દેવ અને દાનવ વચ્ચેના યુદ્ધ જેવું અતિશય ઘોર થયું. ભીષ્મે સમરાંગણમાં સેંકડો ધનુષો, કવચો અને મસ્તકોને છેદી નાખ્યાં. તેમનું અલૌકિક આશ્ચર્યકારક કાર્ય, તેમની શીઘ્ર હાથ ચલાવવાની કુશળતા અને યુદ્ધમાં પોતાનું રક્ષણ કરવાની શક્તિ જોઈને શત્રુઓ પણ તેમને પૂજવા લાગ્યા. સર્વશસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ તે ભરતવંશીએ એવી રીતે તેમને રણભૂમિમાં પરાજય આપ્યો અને કન્યાઓને લઈને આગળ વધ્યા.

તે વખતે રણમાં અમાપ આત્મશક્તિવાળો મહારથી શાલ્વરાજ શાંતનુપુત્ર ભીષ્મ ઉપર પાછળથી ચઢી આવ્યો. નરશ્રેષ્ઠ શાલ્વરાજે શાંતનુપુત્ર ભીષ્મને તીવ્રવેગી સેંકડો બાણોથી ઢાંકી દીધા. એ બંનેની વચ્ચે મહાભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું. છેવટે નૃપોત્તમ શાલ્વરાજને જીતીને ભીષ્મે તેને જીવતો છોડી દીધો. શાલ્વરાજ પોતાના નગરમાં ગયો અને ધર્મપૂર્વક રાજ્યનું શાસન કરવા લાગ્યો. બીજા રાજાઓ પણ પોતપોતાના રાજ્યમાં ગયા. ભીષ્મ કન્યાઓને જીતીને હસ્તિનાપુરમાં પાછા ફર્યા.

અસાધારણ પરાક્રમપૂર્વક હરી લાવવામાં આવેલી તે સર્વગુણસંપન્ન કન્યાઓને ભીષ્મે પોતાના નાનાભાઈ વિચિત્રવીર્યને અર્પણ કરીને વિચિત્રવીર્યના વિવાહની વ્યવસ્થા કરવા માંડી. એમણે સત્યવતી સાથે વિચારવિનિયમ કરીને વિવાહનો નિશ્ચય કર્યો. એ વખતે કાશીપુત્રની પુત્રી અંબાએ જણાવ્યું કે હું તો મનથી શાલ્વને વરી ચૂકી છું. શાલ્વ પણ મને વર્યા છે. સ્વયંવરમાં હું શાલ્વને જ વરવાની હતી. મારા પિતાને પણ અમારા વિવાહનો વિચાર પસંદ હતો. એટલે મારી સાથે ધર્માનુરૂપ વ્યવહાર કરવાની મારી પ્રાર્થના છે.



ભીષ્મની ઉદારતા તથા સહાનુભૂતિ તો જુઓ. એમણે વેદમાં પારંગત પંડિતો સાથે પરામર્શ કરીને કાશીપુત્રી અંબાને ઇચ્છાનુસાર ગમે ત્યાં જવાની અનુજ્ઞા આપી.

એ પછી પોતાના નાના ભાઈ વિચિત્રવીર્યને અંબિકા અને અંબાલિકા નામની બે કન્યાઓ પરણાવી.

એ બંને કન્યાઓ સુયોગ્ય પતિને મેળવ્યાના સંપૂર્ણ સંતોષ સાથે વિચિત્રવીર્યને પૂજવા લાગી.

લગ્નજીવનના સાત વરસના વિલાસાત્મક સુખોપભોગ પછી વિચિત્રવીર્ય ભયંકર અસાધ્ય ક્ષયરોગમાં સપડાઈને મૃત્યુ પામ્યો. અને ઉગારવાના ચિકિત્સકો તથા મિત્રોના સઘળા પ્રયત્નો વ્યર્થ ગયા.

ગંગાપુત્ર ધર્માત્મા ભીષ્મે સત્યવતીની સલાહને અનુસરીને એની સમુચિત ઉત્તરક્રિયા કરી.

વિચિત્રવીર્ય અપુત્ર જ મૃત્યુ પામ્યો હોવાથી સત્યવતીએ ભીષ્મને જણાવ્યું કે તું વિચિત્રવીર્યની બંને સ્ત્રીઓ સાથે સમાગમ કરીને પુત્રોત્પત્તિ કર. એ સ્ત્રીઓ પુત્રની કામનાવાળી છે. એમની સાથે સમાગમ સાધવો ના હોય તો ધર્મપૂર્વક લગ્ન કરી લે. અથવા તારો રાજ્યાભિષેક કરાવીને સામ્રાજ્યનું શાસન કર.

સત્યવતીની માગણીઓ ભલભલાના મનને મોહિત કરે તેવી હતી. એણે દર્શાવેલાં પ્રલોભનો કાંઈ નાનાં ન હતાં. તો પણ ધર્માત્મા ભીષ્મ પોતાની પૂર્વ-પ્રતિજ્ઞાને સ્મરીને અચળ રહ્યા. એ એમની પ્રતિજ્ઞાના કસોટીસમયે પણ અડગ રહ્યા. એવા દૃઢપ્રતિજ્ઞ પુરુષો અતિવિરલ હોય છે. સત્યવતીની માગણીના અનુસંધાનમાં કહેવાયેલા ભીષ્મના ચિરસ્મરણીય, સુંદર, સત્યસભર સબ્દો આ રહ્યા : “માતા તમે મને પરમધર્મનું

ઉદાહરણ આપ્યું છે પરંતુ સંતાનસંબંધી મારી પરમપ્રતિજ્ઞાથી તમે પરિચિત છો. તમારા નિમિત્તે બનેલી ઘટનાને તમે જાણો છો. હું તમારી આગળ તે સત્યને માટે પુનઃપ્રતિજ્ઞા કરું છું. હું કદાચ ત્રિલોકને તજી દઉં, પણ સત્યનો ત્યાગ કદાપિ નહિ કરું. પૃથ્વી ગંધ, પાણી રસ, જ્યોતિ રૂપ, વાયુ સ્પર્શ, સૂર્ય પોતાની પ્રભા, ધૂમકેતુ ઉષ્ણતા, આકાશ શબ્દ, ચંદ્ર શીતળ ચારુ કિરણત્વ, વૃત્રને મારનાર ઈન્દ્ર પોતાનું પરાક્રમ અને ધર્મરાજ પોતાનો ધર્મ છોડે તો પણ હું સત્યના ત્યાગનો વિચાર પણ નહિ કરું. મારે માટે સત્ય સર્વોત્તમ છે.''

વિલાપ કરતી, પુત્રલાલસાવાળી, ધર્મવિરોધી વચનોને વદતી દીન સત્યવતીને ઉદ્દેશીને ભીષ્મે ફરીવાર કહ્યું કે ''તમે ધર્મ તરફ દૃષ્ટિપાત કરો. આપણો વિનાશ ના કરો. જે સત્યમાંથી ચલિત થાય છે તેને ધર્મશાસ્ત્રો વખાણતાં નથી. શાંતનુનો વંશ આ અવનીમાં અક્ષય બને તેવો સનાતન ક્ષાત્રધર્મ તમને કહી બતાવીશ. તમે આપદ્‌કાળના ધર્મ અને અર્થમાં પારંગત પુરોહિતોને ને પંડિતોને સાથે રાખીને લોકાચારને લક્ષમાં લઈને તે પ્રમાણે કરી શકશો.''

સંસારમાં સત્યવતી પણ છે અને ભીષ્મ પણ. એક પ્રેયનું પ્રતીક છે તો બીજું શ્રેયનું. જેની શક્તિ સવિશેષ હોય છે તે જીતી જાય છે ને સુખી થાય છે. માનવે ભીષ્મ બનીને પોતાના વિચારો, સંકલ્પો, સિદ્ધાંતો અથવા આદર્શોમાં દૃઢ રહેવાનું છે. વ્રતો ને વિરોધની વચ્ચે પણ વળગી રહેતાં શીખવાનું છે. ભીષ્મનું ઉદાહરણ એવા સંદેશને પૂરું પાડતું આદર્શ ઉદાહરણ છે.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ સમુદ્રમંથન ॥

'મહાભારત' ગ્રંથમાં કહ્યા પ્રમાણે પ્રકાશના પરમ પ્રજ્વલિત મેરુ નામનો પર્વત. પોતાના સુવર્ણ સરખાં શુદ્ધ અને સમુજ્જવળ શિખરોની સહાપતાથી પ્રભાકરની પ્રભાને ઝાંખી પાડનાર. એ અદ્‌ભુત પર્વતને દેવો અને ગંધર્વો સેવી રહેલા. અધર્મી માનવોને માટે એ દુર્ગમ ગણાતો.

ભયંકર સર્પાદિથી વીંટાયેલો, અસંખ્ય અલૌકિક ઔષધિઓથી અલંકૃત બનેલો. સરિતા તથા સુંદર સુવિશાળ વૃક્ષોથી ભરેલો. વિવિધ પ્રકારનાં સુમનોહર સુધાસભર સ્વરવાળાં વિહંગોના સમૂહોના નિનાદથી ગાજી રહેલો. પોતાની અસાધારણ ઊંચાઈને લીધે જાણે કે સ્વર્ગલોકને ઢાંકીને ઊભેલો.

એનાં વિભિન્ન શિખરો મહામૂલ્યવાન રત્નોથી ભરપૂર દેખાતાં.

એ સુંદર સુવિશાળ સ્વર્ણ-શિખરો પર બેસીને સ્વર્ગનિવાસી પરમતેજસ્વી દેવો અમૃતને મેળવવા માટે મંત્રણા કરવા લાગ્યા.

એ મંત્રણા દરમિયાન બ્રહ્માને નારાયણે જણાવ્યું કે દેવો તથા દાનવો મળીને સંયુક્ત રીતે સમુદ્રનું મંથન કરો તો એમાંથી અમૃત નીકળશે. સઘળાં રત્નોને અને સમસ્ત ઔષધિઓને મહાસાગરમાં નાખીને એનું મંથન કરો એટલે અમૃતની ઉપલબ્ધિ થશે.

નારાયણના મંગલ માર્ગદર્શન પ્રમાણે દેવોએ શેષનાગની મદદથી પર્વતશ્રેષ્ઠ મંદરાચલને સમુદ્રમાં ઉતારીને એના મંથનનો ઉદ્યોગ આરંભ્યો.

નારાયણના અમોઘ આશીર્વાદથી પરમશક્તિશાળી બનેલા દેવો અને દાનવો સમુદ્રમંથન કરવા માંડ્યા. એના પરિણામે સમુદ્રમાંથી અસંખ્ય શીતળ કિરણોવાળો, ઉજ્જવળ, પ્રસન્નમન, સુધાસભર ચંદ્ર પ્રાદુર્ભાવ પામ્યો. એ પછી લક્ષ્મી પ્રગટ્યાં. પછી સુરા, ઉચ્ચૈઃશ્રવાનામે શ્વેત અશ્વ, કૌસ્તુભમણિ અને અમૃત ભરેલું શ્વેત કમંડલ ધારીને ભગવાન ધન્વંતરીનું પ્રાગટ્ય થયું. એ પછી ચાર ઉજ્જવળ દાંતવાળો ઐરાવત નામનો હાથી નીકળ્યો અને ધૂમ્રસમૂહ સાથેના અગ્નિની પેઠે જલી રહેલું કાલકૂટ નામનું વિશ્વને વીંટી વળનારું વિષ પેદા થયું.

એ વિષની મહાભયંકર જીવલેણ ગંધથી ત્રણે લોક મૂર્છિત થઈ ગયાં.

બ્રહ્માની પ્રાર્થનાને લક્ષમાં લઈને મંત્રમૂર્તિ ભગવાન મહેશ્વરે એ વિષને વિશ્વકલ્યાણની ઉદાત્ત ભાવનાથી પ્રેરાઈને પોતાના કંઠમાં ધારણ કર્યું. ત્યારથી એ નીલકંઠ તરીકે પ્રખ્યાતિ પામ્યા.

દાનવોને સમુદ્રમંથનના પરિણામે સાંપડેલી સુધા તથા લક્ષ્મીને મેળવવાનો મનોરથ જાગવાથી એ દેવોનો વિરોધ તથા વિદ્વેષ કરવા લાગ્યા. ત્યારે એમને સંમોહિત કરવા માટે નારાયણે પોતાની માયાથી મોહિનીરૂપ ધારણ કર્યું. અંતરંગ આશીર્વાદરૂપ સાધનાના વચગાળાના વખતમાં કોઈ વાર વિષ પણ નીકળશે. લોકોપવાદ, દુન્યવી હાની, સંતાપ, પ્રમાદ, નિષ્ફળતા, હતાશા, વિષાદ, વિપરીતતા, વ્યાધિરૂપી વિવિધરંગી વિષ. નિર્બળ નાસીપાસ થશે, ડરશે ને ચલાયમાન બનશે પરંતુ



જીવનનો સબળ સાધક એનાથી ડરી કે ડગી નહીં જાય. એ વિષનું એ કલ્યાણકારક બનીને પ્રેમપૂર્વક પાન કરશે. એવો સાધક સાધનાના સર્વોત્તમ વિકાસશિખરને સર કરશે અને આત્યંતિક વિજયને મેળવશે. જીવન છે જ—મળ્યું છે જ અમૃતનું પાન કરવા. એની મદદથી અમૃતને ના મેળવીએ તોપણ વિષનું વમન તો ના જ કરીએ. જે અમૃતને મેળવવા મનોરથ કરતા કે મથતા હોય તેમના માર્ગમાં વિષને ના ફેલાવીએ તોપણ ઘણું.

**—શ્રી યોગેશ્વરજી**

'અંતરના પ્રેમથી બધાં જ કામો સુંદર રીતે થાય છે. મુશ્કેલીઓ હંમેશાં આપણી પ્રગતિ માટે જ આવતી હોય છે, એ સમજી લેવાને બદલે કચવાટ કે ફરિયાદ કરો તો બધાં જ પ્રકારનાં બળો તમારી અંદર પ્રવેશી તમને નીચે ઘસડી જાય છે. ને દુઃખી કરે છે. પ્રહાર થતાં સમજી લેવું કે, હા, મારે પ્રગતિ કરવાની જરૂર છે તો પ્રહાર આશિષમાં ફેરવાઈ જાય છે. મસ્તક ઝુકાવી દેવાને બદલે પ્રસન્નતાપૂર્વક ઊંચું રાખો ને કહો કે, મારે બદલાવાની જરૂર છે. ગમે તે સંજોગો આવે એને 'અનુકૂળ' તરીકે જોશો તો તે 'પ્રતિકૂળ' નહિ રહે.'

**—શ્રી માતાજી**

## ॥ શ્રી નારાયણ : એક જીવંત પાઠશાળા ॥

મારા જીવનનું એ સૌભાગ્ય કે નડિયાદમાં મારા જન્મ પહેલાંના થોડા દિવસ પૂર્વે જ પરમ વંદનીય ગુરુદેવ શ્રી યોગેશ્વરજી પધારેલ. એમના એ પરોક્ષ કે અપરોક્ષ આશીર્વાદે જીવનમાં મને કદાપિ માતા-પિતાથી વિખૂટો ન પાડ્યો. આ રીતે શ્રી નારાયણના જીવનને સતત સાથે રહીને ખૂબ જ નજીકથી જોવાની, અનુભવવાની પ્રભુએ તક આપી. સાઈઠ વર્ષ સુધીના એમની સાથેના સહવાસથી તેમની અનેક વિશેષતાઓની અને જીવનશૈલીની નોંધ લીધા વિના રહી શકાતું નથી.

મારા માતુશ્રી સરસ્વતીબેનનો ૧૯૯૪માં સ્વર્ગવાસ થયો. તે પછીના લગભગ અઢી દાયકો સતત પિતાશ્રી સાથે જ રહેવાનું થયું. શ્રી નારાયણના પાર્થિવ શરીરને ત્યાગે ૯ માર્ચ ૨૦૨૦માં બે વર્ષ પૂરાં થશે ત્યારે તેમની દિનચર્યા તથા વિશેષતાઓ ઉપર એક દૃષ્ટિપાત કરીએ.

શ્રી નારાયણના સરકારી નોકરીમાંથી રિટાયર્ડ થયા પછીના થોડા સમય બાદ જ ગુરુદેવપ્રભુએ અધ્યાત્મ માસિક ચલાવવા માટે તંત્રીપદ સોપ્યું. ઘણાં વર્ષો સુધી સરકારી નોકરીના ઉચ્ચ અધિકારી તરીકે રહ્યા છતાં જ્યારે અધ્યાત્મ માસિકનું કામ જેવું કે રેપર ચોંટાડવા, ડીસ્પેચ કરવું, બેન્કમાં લવાજમના પૈસા જમા કરાવવા, લેખોનું સંપાદન કરવું વગેરે કોઈપણ સંકોચ વગર જાતે કરતા. શ્રી નારાયણ કહેતા કે પ્રભુએ મારા જીવનમાંથી પ્રમાદને નેસ્તનાબૂદ કરી દીધો.



અધ્યાત્મના પ્રૂફરીડિંગ માટે શ્રી હિતેશભાઈ આપી જાય તો તેમને આપેલ નિયત સમય, પ્રમાણે પ્રૂફરીડિંગ થઈ જ ગયું હોય. ૪૦ વર્ષમાં કદાપિ હિતેશભાઈને બીજો ધક્કો ખાવો પડ્યો નથી. હંમેશાં અધ્યાત્મ માટે કામ કરતા ભાઈઓની મુશ્કેલીને ધ્યાનમાં રાખીને જ પોતાનો બહારગામ જવાનો કાર્યક્રમ ગોઠવતા. દિવસના ત્રણ-ચાર કલાકનું વાંચન જેથી અધ્યાત્મ માટે વાંચકોને શ્રેષ્ઠ પ્રકારનું આધ્યાત્મિક વાંચન પીરસી શકાય તેની જ ચિંતા. લવાજમના પૈસા જે દિવસે આવે તેના બીજા દિવસે જ બેન્કમાં જાતે જમા કરાવવા જાય અને આ પ્રણાલી સત્તાણું વર્ષ સુધી જાળવી. કોઈપણ કાર્યમાં વિલંબ બિલકુલ ન ગમે.

પોતાના સરકારી નોકરીના કાર્યકાળ દરમ્યાન દરેક ઑફિસના નાના માણસોને આગળ વધવા માટે પ્રોત્સાહન ધરતા. ખાસ કરીને એક બંદર ઉપર મીઠા ભરતા માણસને પટ્ટાવાળા તરીકે પસંદ કરીને સિનીયર કારકૂન તરીકે બઢતી અપાવી. આ માટેની જરૂરી સવલતો જેવી કે ખાતાકીય પરમીશન તેમ જ રજાઓ પૂરી પાડી સંવાદિતા જાળવી. નોકરીના સંપૂર્ણ કાર્યકાળ દરમ્યાન પત્રકારો સાથે પૂરી સંવાદિતા જાળવી. અખબારો તરફથી આવતી ભેટ-સોગાદો કદી સ્વીકારી નહિ. આમ કદાપિ ઘરમાં અશુભ લક્ષ્મી આવી નહિ.

સરકારી નોકરીમાં હોવાથી આર્થિક રીતે જીવનભર ખૂબ જ સ્વતંત્ર રહ્યા. પૅન્શન આવતું હોવાથી હંમેશાં 'મા'-પ્રભુનો આભાર માનતા અને કહેતા કે મારી જરૂરિયાત કરતાં તમે મને

ઘણું વધારે આપો છો તો મારે બીજા જરૂરિયાતમંદોને મદદ કરવી જ જોઈએ. આ બાબતે પૂ.શ્રી'મા'ના અનેક વિચારોને અનુસર્યા. આ બાબતે પોતે બનાવેલ લિસ્ટમાંથી દરેકને દર મહિને પાંચ તારીખ સુધીમાં ફોનથી બોલાવીને સત્કાર સાથે શ્રી લક્ષ્મીનો પ્રસાદ ધરતા. રીક્ષામાં બેસે તો ઓછામાં ઓછા પચાસ રૂપિયા આપી દેતા. સ્નેહીજનોમાં જે શારીરિક રીતે અસ્વસ્થ હોય તેને ઘરે જઈને મહિને એક વખત પૂ.'મા'-પ્રભુનો સત્સંગ કરાવતા. પૂ.'મા' એ મોકલેલી પ્રસાદી તેમજ અંબાજીનો પ્રસાદ પણ આપતા. જૉગર્સ પાર્કમાં દરરોજ સાંજે અચૂક ફરવા જવાનું. મિત્રો સાથે પોતે વાંચેલ સાહિત્યની ચર્ચાવિચારણા અને જ્યાં જેને મદદરૂપ થવાય ત્યાં થતા.

દૈનિક દિનચર્યામાં સવારે સાત વાગે નિયમિત સ્નાન, પછી ૧૦૮ પ્રણામ જે લગભગ જીવનના છેલ્લા શ્વાસ સુધી જાળવી રાખ્યા. પ્રણામ પછી જ દૂધ. સ્નાન પછી સરસ પોતે જાતે જ તેલનું માલિસ કરતા. તેઓ હંમેશાં કહેતા કે ઈશ્વરપ્રાપ્તિ માટે આ શરીર સાધન છે તેથી તેની પૂરેપૂરી સંભાળ રાખવી જ જોઈએ. નિત્ય નિયમ પ્રમાણે વિષ્ણુસહસ્ર, ગીતાનો, બાવની, શિવમહિમ્નનો પાઠ અને અધ્યાત્મ માટે નવું વાંચન એ બાર વાગ્યા સુધીનો નિત્યક્રમ. પાણીનો ગ્લાસ હોય, દૂધ હોય કે ભોજન કોઈપણ વસ્તુ લેતા પહેલાં નિયમિત રીતે પ્રભુને યાદ કરીને જ ગ્રહણ કરતા. દરેક ક્રિયામાં પ્રભુને જાણે તાણા-વાણીની જેમ જીવનના છેલ્લા શ્વાસ સુધી ગૂંથી લીધા. બરાબર બપોરે બારના ટકોરે ટેબલ પર ભોજન લેવા હાજર થઈ જાય.



પાણીના ગ્લાસથી માંડી બધી જ ભોજન સાથેની જરૂરી સામગ્રી સાથે જ ભોજન શરૂ કરતા. જમ્યા પછી કદાપિ થાળીમાં એક દાણો પણ ન રહે તે રીતે જમતા. કદાપિ થાળીમાં કોઈ છાંડીને ઊભા થાય તેની ખૂબ ચીડ. હંમેશાં કહેતા અન્ન એ ઈશ્વર છે તેનો આ રીતે અનાદર ન કરાય. નિયમિત છાશ લેતાં કહેતા : 'ભોજન સ્વાદિષ્ટ હોય પણ પેટને પૂછીને ખાવાનું નહિ કે જીભને !' જમ્યા પછી વામકુક્ષિ અને દેશવિદેશના સમાચાર ટી.વી. તથા વર્તમાનપત્રથી જાણી પોતાને વાકેફ રાખતા. ચાર વાગે જૉગર્સ પાર્કમાં જાય તો બાળકો માટે થેલીમાં બિસ્કીટ/ચોકલેટ/સેવમમરા/ખાખરા લઈ જતા. સાંજે કુટુંબના બધા સભ્યો આવી જાય પછી જ સાથે ઉકાળો કે કૉફી લેતા.

ક્રિકેટના ખૂબ શોખીન. ભારતની દરેક મેચ જોવાની જ. રાત્રિના આઠ વાગે ભોજન પછી સમાચાર. પોતે જે કાંઈ સારું સાંભળ્યું વાંચ્યું હોય તેની વાતો પ્રતિમા તેમ જ મારી સાથે કરતા. રાત્રિના સાડા-દસે આરામ. રાત્રિના બે વાગે ઉઠીને સાડાત્રણ સુધી ધ્યાન કરતા.

કુટુંબના દરેક સભ્યોને હંમેશાં વર્ષમાં એક કે બે વખત સાથે રહેવાની, વતનમાં જવાની, કાકા/દાદાના ભાઈઓ સાથે રહેવાનું કહેતા. કુટુંબના દરેક સભ્યોને કહેતા કે અમને મા-પ્રભુએ કેવા સરસ રીતે જીવનભર સાચવ્યા, તમે પણ બધા જીવનના છેલ્લા શ્વાસ સુધી 'મા'-પ્રભુ સાથે જોડાયેલા રહીને તેમનાં સેવાનાં કાર્યો કરજો. 'મા'-પ્રભુ તમને કદાપિ મુશ્કેલી પડવા દેશે નહિ.

શ્રી નારાયણનું જીવન આ રીતે પૂ.શ્રી ગુરુદેવે અધ્યાત્મનું સુકાન સોંપીને આંતરિક તેમજ શારીરિક પરિવર્તન કરી નાંખ્યું જેથી તે દીર્ઘાયુ થયા. તેવા શ્રી નારાયણના ચરણોમાં, 'મા'-પ્રભુના ચરણોમાં પ્રણામ-પ્રણામ-પ્રણામ.

**—અજય જાની**

## 'અધ્યાત્મ' : ચેતનાના સ્તરે વાવેતર

મહાત્મા શ્રી યોગેશ્વરજીએ 'ચેતનાના સ્તરે જે વાવેતર' કર્યું છે, એનો આનુવંશિક વારસો સમગ્ર માનવજાતને મળવાનો જ છે. પણ દરેક મનુષ્યે એ 'ચેતનાનો આયામ' ખોલી, એમાં સ્થિર થવું અનિવાર્ય છે. એના સિવાય આ પૃથ્વી પર રહેવાનું સંભવ નહિ બને. માનવતા, સહજીવન, સર્વમંગલ સિવાય કોઈ તરણોપાય નહિ રહે. 'અધ્યાત્મ જીવવા' સિવાય કોઈ ઉપાય નથી. એ યુગપુરુષનું વાવેતર નિષ્ફળ નહિ જાય.



# ।। સૂફી કથા ।।

એક ફકીરના હાથમાં એક ચમકતો નાનકડો પથ્થર જોઈ, સિકંદરે પૂછ્યું : 'આ શું છે ?' ફકીરે કહ્યું : 'હું કહી શકું નહિ. આ રહસ્ય દર્શાવી શકાય એવું નથી. પણ એક વાત કહી શકું કે, તમારી તમામ ધનદોલત આની સામે ઓછી ઊતરે.' સિકંદરે તરત મોટું ત્રાજવું મંગાવ્યું અને એના એક પલ્લામાં પોતાની તમામ મિલ્કત-હીરા ઝવેરાત, સોના-ચાંદી સઘળું મૂકી દઈ, બીજા પલ્લામાં ફકીરનો પથ્થર મૂક્યો. એના મૂકતાં જ ફકીરનું પલ્લું નીચે બેસી ગયું અને સિકંદરનું પલ્લું ઉપર ઊઠી ગયું ! સિકંદરના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે નત્ મસ્તકે ફકીર પાસેથી એનું રહસ્ય જાણવા આતુર બન્યો.

ફકીરે રસ્તા પરથી એક ચપટી ધૂળ એ ચમકતા પથ્થર પર નાખી તો ફકીરનું પલ્લું એકદમ હલકું થઈ, ઉપર ઊઠવા લાગ્યું. ને સિકંદર ઑર ચકિત થઈ ગયો. તેણે કહ્યું : 'મામલો શું છે ? તમે કૉયડો ઑર ગૂંચવો છો. એક કૉયડા પર આ બીજો કૉયડો ઊભો કરો છો. રહસ્ય કહેવું હોય તો કહી દો અગર ના પાડી દો.'

ત્યાર ફકીરે કહ્યું : 'હવે તમે જિજ્ઞાસાથી પૂછી રહ્યા છો તો સાંભળો. આ કોઈ ખાસ વસ્તુ નથી. 'મનુષ્યની આંખ' છે. ધૂળ પડી જાય તો બે કોડીની. ધૂળ હટી જાય તો આનાથી બહુમૂલ્ય કશું જ નથી.'

તમારી ભીતરની આંખ ધૂળગ્રસ્ત છે. ધૂળ પણ સાચી નહિ, વિચારોની ધૂળ, કલ્પનાઓની ધૂળ, કામનાઓની ધૂળ. ધૂળ પણ વાસ્તવિક નથી. ધુમાડા જ ધુમાડા છે, જેણે ભીતરની આંખ છુપાવી દીધી છે; જેમ વાદળ આવતાં સૂરજ છુપાઈ જાય ! પણ

વાદળો વિખરાઈ જાય તો સૂરજ પ્રગટ થઈ જાય. તમે સૂરજ છો, બુદ્ધત્વ તમારો સ્વભાવ છે. પણ તમારી ચોતરફ તમે ખીચોખીચ વાદળો સજાવી દીધાં છે.

અર્થાત્ જે છે એમાં જીવવાનું, જે છે એને જોવાનું. જે છે એની સાથે જોડાઈ જવાનું. જે નથી એની પકડ છોડી દેવાની. અતીત નથી અને આપણે અતીતને પકડી રાખ્યો છે. વીતી ગયેલી કાલને સંભાળીને રાખી છે. રાખ જ રાખ છે. અંગારો પૂરેપૂરો બુઝાઈ ચૂક્યો છે. આ આપણો ભૂતકાળ છે.

પાછા આપણે ભવિષ્યની કામનાઓમાં ગૂંચવાયેલા છીએ. શેખચલ્લી બની કેટકેટલાં સપનાંની જાળ રચીએ છીએ !

આમ, ભૂત-ભવિષ્યની ચક્કીનાં બે પડોની વચ્ચે 'વર્તમાનની નાનકડી ક્ષણ' દબાઈ રહી છે. એ બેની વચ્ચે આપણું અસ્તિત્વ પિસાઈ રહ્યું છે.

ભૂત-ભવિષ્યથી જે મુક્ત થઈ ગયો એ 'જાગૃત' છે. એની આંખથી ધૂળ હટી છે. એની આંખ ખુલી છે. એને બોધ પ્રાપ્ત થયો છે.

એટલે શાંત થઈ, મૌન બની ભીતર જાગવાની જરૂર છે. જેટલી શક્તિ તમે બહાર દોડવામાં લગાવો છો, જેટલી શક્તિ તમે વ્યર્થ ચીજોનો સંગ્રહ કરવામાં વાપરો છો. એનો દસમો ભાગ પણ જો તમે ભીતર બેસવામાં યોજી દો તો ક્રાંતિ થઈ જાય. હજાર-હજાર સૂરજ તમારી ભીતર પણ ઊગી આવે !

આંખ પરની ધૂળ હટી જાય તો દર્શન સાફ ! બહાર ભટકવાને બદલે ભીતર ઊંડા ગયા પોતાનામાં તો એ જ મેળવશો જે મેળવવા યોગ્ય છે.

**સૌજન્ય :– 'પ્રીતમ છબિ નેનન બસી' 'નાનકડો સંદેશ'**



# ॥ ગુરુપ્રીતિની શાશ્વતી ॥

**ગુરુદેવની પાવન પ્રીતડી જોઈને હરખાઈ છું.**
**સર્વ સમર્પણ કીધું ચરણે, ના કદી ભરમાઈ છું.**

**કર્મ ગહનગતિપ્રેરિત મુજને**
**ભાગ્ય મળ્યું ક્ષણવાર અહીં**
**જીવનક્યારી ધન્ય બનાવી**
**જન્માંતરના થાક હરી.**

**જગ જાણે કે ભાગ્ય લૂંટાયું**
**સર્વેશ્વરીના જીવનતણું**
**જાણે શું અજ્ઞાની જીવ એ**
**નવજીવનનું ભાથું મળ્યું.**

**અનુભૂતિના અદ્‌ભુત ભંડારો**
**ઉઘાડવાને કર્યું પ્રયાણ**
**સર્વેશ્વરીને સંદેશ ધર્યો**
**સાધનામાર્ગે કરો પ્રયાણ.**

**પામી લેવા દિવ્ય રત્નને**
**પ્રાણાન્તે પુરુષાર્થ કરો**
**પ્રભુના પંથે પૂર્ણ ઝૂકાવી**
**જીવન પરમાનંદે ભરો.**

**–'મા' સર્વેશ્વરી**
૩/૧૦/૮૪
બપોરે ૧૨.૩૦
નવરાત્રિનો નવમો દિન